કન્યા
વાચનમાળા

પુસ્તક બીજાના અર્થ

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મેસર્સ તલકશી ઍન્ડ સન્સ

વઢવાણ શહેર

સને ૧૯૨૭ સંવત ૧૯૮૩.

સૌરાષ્ટ્ર મુદ્રણાલય. રાણપુરમાં અમૃતલાલ છગનલાલ શેઠે છાપ્યું.

કી. ૦—૫—૦ પાંચ આના.

કન્યા વાચનમાળા

પુસ્તક બીજાના અર્થ

છપાવી પ્રસિદ્ધ કરનાર,

જેચંદ તલકશી એન્ડ સન્સ

વઢવાણ શાહેર

સને ૧૯૨૭ સંવત ૧૯૮૩.

સૌરાષ્ટ્ર મુદ્રણાલય. રાણપુરમાં અમૃતલાલ

દલપતભાઇ શેઠે છાપ્યું.

કીં. ૦—૫—૦ પાંચ આના

પ્રસ્તાવના

હાલમાં ચાલતા નવા ધોરણમાં નવી વાચનમાળાના પાઠના તથા કવિતાના અર્થ તથા તેમાં આવેલા પદાર્થ પાઠો તથા મુખગણિત નવા દાખલ થવાથી વિદ્યાર્થીઓને શીખવા કઠણ પડે તેમ છે. એથી વિ઼દ્યાર્થીને સરળતાથી સમજવાને સહેલું પડે, અને તેમની તર્ક શક્તિની ખીલવણી થાય એવી રીતે માત્ર ટુંક મુદતમાં મી. ત્રીભોવન દેવશી પાસે ધોરણ ૧ થી ૭ સુધીની નોટબુકો તૈયાર કરાવી ધોરણમાં ચાલતા તમામ વિષયો ટુંકમાં સુધરાવી અમોએ ધોરણવાર નોટો બહાર પાડી છે. માટે સુજ્ઞ મહેતાજીઓને વિનંતિ કરૂં છું, કે અંદરના વિષયોમાં જે ભુલ હોય તે સુધારી લખી મોકલશો, તો બીજી આવૃત્તિમાં તે મુજબ સુધારો કરવામાં આવશે.

અમોને આનંદ ઉપજે છે કે અમારી નવી સીરીઝ મુજબ બહાર પાડેલી પહેલા, બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા, ધોરણોની નોટો વિદ્યાર્થી વર્ગને પસંદ પડી છે તેવી રીતે આ નવી કન્યા વાચનમાળા બીજાના અર્થ પસંદ પડશે.

લી.

તા. એમ્પાયરડે
૧૯૨૭

પ્રગટ કર્તા
વઢવાણ શહેર

કન્યા વાચનમાળા

પુસ્તક બીજું.

ભાગ ૧ લો, પાઠના અર્થ.

પાઠ ૧ લો.

ગ્રેટબ્રિટન=યુરોપ ખં-
ડમાં ઈંગ્લાંડ, સ્કો.
ટલાંડ તથા આયર્-
લાંડ મળીને જે દેશ
થયો છે તે (મોટા
બેટ)
જીવનચરિત્ર=વૃત્તાંત,
જીંદગીનો હેવાલ
અજાયબી=આશ્ચર્ય
અનુકરણ=નકલ, એ
કના જેવું બીજું
ઘર સંસાર=ઘરનો
વહેવાર
પુત્રનાં લક્ષણ પાર-
ણામાંથી જણાય=
છોકરાં કેવા ગુ-
ણનાં થશે તે ના
નપણથી જ જણા-
ઈ આવે
ચંચળાઇ=ચાલાકી
મધુર સાદે=મીઠાશથી,
ભાવથી
વય=ઉમર
નિયમિત=નિયમસર,
ટાઇમ પ્રમાણે
વિશાળ=બહોળું
પ્રવિણતા=હોંશિયારી
નૃત્ય=નાચ
કુશળતા=હોંશિયારી
પ્રાપ્ત=પેદા
સુલક્ષણી=સારા લક્ષણ
વાળી
કસર=ખામી
સ્વરૂપવાન=રૂપાળી
મળતાવડી=મિલનસાર
ઠરતી=ટાઢી થતી
મંદહાસ્ય=ધીમેથી હ-
સવું, મોં મલકાવવું
ફીદાફીદા=ખુશ ખુશ
આદરસત્કાર=માન
મમતા=માયાળુપણું
ઝવેરી=હીરા, માણેક
મોતી વગેરે વેચનાર
નજરેઠરી=ગમી
વીલેમોઢે=ઉદાસી ચહેરે
વાકેફ=જાણીતા
ખરીદી=વેચાતી લીધી
મનમારવું=મનને વશ
કરવું
અતિપ્રિય=બહુજ વ-
હાલી
ભેટ=બક્ષીસ, ઇનામ

સ્વીકારશો=કબુલ કરશો
બોધ—દયા રૂપી આ આપ્યા તે દયા અને કીંમતી કંઈ મોકલાવી તે ઉદારતા
નસંતાન=વાંઝીઓ
હકદાર=વારસ
રાજ્યપદ=રાજ્યની ગાદી
ગંભીરતાથી=દબદબાથી
નીડર પણે=બીક વગર
તરૂણ=જુવાન
રંગરાગ=સુખ
ઉત્સાહ=ઉમંગ
પાર્લામેન્ટ=રાજ્ય ચલાવનારૂં મંડળ
પ્રસંગ=વખત
જોખમ=બોજો
બાધનો=મુશ્કેલ બાબતો
સમાન=એક સરખા

પાઠ ૨ જો.

સ્થિતિ=હાલત
પુત્રીધર્મ=પુત્રી તરીકેની ફરજ
કચાસ=ખામી
કરજ=દેવું
કરકસર=ત્રેવડ
અદાકરવું=આપવું
ગેરવર્તણુંક=ખરાબચાલ
સાક્ષી=સાહેદી
વડા=મોટા
દસ્તાવેજ=ખત
હિત=ભલું
અહિત=નુકશાની
સંપૂર્ણ=પૂરેપૂરી
ખાતરી=સાબીતી
કંપની=હિંદુસ્તાનમાં રાજ્ય ચલાવનાર વેપારી મંડળ
ઢંઢેરો=જાહેરનામું
વાંધો=તકરાર
એકડકપણે=હઠીલાપણે/ હુંમતથી
આબાદી=ચઢતી
આડે=વચમાં
અભય વચન=બીકવગરનું વચન
દ્રઢતા=ચોકસપણું
પ્રતિજ્ઞા=સોગાન, કબુલાત
આજ્ઞા=હુકમ
વર્તન=રીતભાત
હેવાતન=સોભાગ્ય, સુવાસણીપણું
માણસાઇ=ભલાઇ
લક્ષ=કાળજી
સાવચેતી=ખબરદાર
સંબંધ=સગપણ, મિત્રતા
વિસ્તાર=ફેલાવો
શોધ=તપાસ
પરલોકવાસી=સ્વર્ગવાસી

પાઠ ૩ જો.

કર્તવ્ય=કરવાપણું, ધર્મ ફરજ
સમજ=સમજુતી
ચાકરડી દાસી, સેવક, મજુર
માથા ઉતરતું=વેઠીયું ખટકાથી નહિ તેવું
પાત્ર=લાયક, યોગ્ય
નિંદાય=અવખોડાય
નિરંતર=સદા
પાર=છેડો, અંત
વૃદ્ધ=ઘરડાં
તજીદે=છોડીદે
દુષ્ટ=ખરાબ
બદલો=સાટું
પ્રાર્થના=અરજ,માગણી
અથાગ=ઘણાં
સમર્થ=શક્તિવાન
શુભ=સારૂં
સંભારવું=યાદ કરવી
રક્ષણ=જતન

શાન્તિ=સુખ
ધણીપ્રત્યે=ધણી તરફ

પાઠ ૫ મો.

પટાવત=રાજ્યનો મુખ્ય સરદાર
લગામ=સત્તા, રાજ્યાધિકાર
નિષ્કંટક=વચમાં કોઇ કાંટારૂપ, આડું ન હોય તેમ
દાવો=હક
નિશ્ચિંતપણે=નિર્ભયપણે
ધાવ=નાના બાળકને સાચવવા માતા તરીકે રહેલ બાઇ
વિદાય=રવાના
તાકીદે=જલદી
અમલમાં=હુકમમાં, કામમાં
રણવાસ=રાણીના ઓરડામાં અથવા જનાનામાં
હાહાકાર=ત્રાસ
શોકસાગર=દુઃખ રૂપ દરિયો
કોશ=ગાઉ
અંતરે=છેટે
દહેશતે=બીકથી
રાવળ=એ રાજાની અડક છે
સલાહ=મત
શક=વહેમ
અરજ=વિનંતિ
ગડભાંગ=ભાંજગડ હયાડયા
નીમકહલાલી=ખાધને સારૂં કરવાનો ગુણ
ભયની=બીકની
મુશ્કેલી=અડચણ
દરકાર=પરવા
મુગટ=ઉપરી, શણગાર
ધન્યવાદ=શાબાશી
બસ=બરાબર, પુરો
સુપરત=ભલામણ
ચર્ચાય=ફેલાય
પરિણામ=ફળ
પન્નું=પાનું, એક જાતનું રત્ન
રક્ષણાર્થે=બચાવાને માટે
જોટો=જોડ, એક જેવું બીજું

પાઠ ૬ ઠો.

વિનય=નમ્રતા, નરમાશ
વિનય વેરીને વશ કરે=નમ્રપણા આગળ દુશ્મન હમેશાં વશ થઇ રહે છે ગુસ્સાવાળા માણસ પાસે નમ્ર થઇએ તો તે પાછો પડે છે.

સંપાદન કરેછે=મેળવેછે
દુશ્મનાવટ=દુશ્મન દાવો
ભાગ્યેજ=જવલ્લે
હુંપદ=ગર્વ
તપી જાયછે=ક્રોધ કરેછે
અણગમે=અરૂચી
વજન=કીંમત, વક્કર.
દીનપણું=ગરીબાઇ
દાખવવાથી-બતાવવાથી
પ્રાપ્ત=પેદા
સંત=સાધુ પુરૂષો
મિજાજ=તબીયત
સ્વાર્થી=મતલબી
જાત રખું=પોતાનુંજ રક્ષણ કરનાર
ખામોશ=ધીરજ, સબુરી
બાકરી=ટક્કર, સામાં થવું
નમ્યું આપે છે=નમીને ચાલે છે
અંગ=ભાગ
કરણી=કરવું તે

સભ્યતા=વિવેક
તુચ્છકારતા=હલકો ગણતાં
તોછડાઇ=હલકાઇ
ભારવક્કર=આબરૂ
ચાવળું=અધિક બોલનારો દોઢડાયો
છાંછળાપણું=ઉદ્ધતાઈ
ગંભીર=ઠરેલ
ઉપમા=બરાબરી
માઝા=હદ
ક્રાવકું=ચીવટવાળું
તામસ=ક્રોધ
અદબ=મલાજો
ઉપડતે સાદે=વધારે પડતું
અવડચવડ=આડું અવળું
ટાપસી=સાહેદી, લોલમાં લોલ
સારાંશકે=નરમાશ વિવેક, ગંભીરપણું અને અદબ એ વિનયના ભાગ છે.

પાઠ ૮ મો.

ધર્મરાજા=યુધિષ્ટિર પાંડુરાજાના મોટા પુત્ર
દ્રોણાચાર્ય=પાંડવ કૌરવને યુદ્ધકળા શીખવનાર ગુરૂ
અંતે=છેવટે
યુદ્ધ=લડાઇ
સત્યવાદી=સાચું બોલનાર
ચુસ્ત=લાગણીવાળા, વળગી રહેનાર
પ્રતિજ્ઞા=પણ, કસમ
વિનાશકારી=નાશ કરનારૂં
પક્ષ=તરફદારી, વગ
સામેલ થયા=ભળ્યા
ઘાણ=નાશ
ધનુર્વિદ્યા=ધનુષ્ય મારવાની વિદ્યા
પાવરધા=હોંશીયાર, કુશળ
રણસંગ્રામ=લડાઇનું મેદાન
હાહાકાર=ત્રાસ, જુલમ
કાયા=શરીર
શસ્ત્ર=હથિયાર
દેહત્યાગ=દેહને તજવો
દરકાર=પરવા
યુક્તિબંધન=મર્મવાળું
ખાતરી=સાબીતી
છળ=કપટ
દ્વિઅર્થી=બે અર્થવાળું વેણ
શય્યા=પથારી
નરોવા=નર(અશ્વત્થામા) અથવા
કુંજર=હાથી
વા=અથવા
કાર્યસિદ્ધ=સફળકામ

પાઠ ૯ મો.

ચહેરો=સોકલ
ઉતરીગયેલો=ફીકો, નરમ પડી ગયેલો
છુટેમોઢે=મોટેથી
શાંત=ધીમા,
ડુમો=છાતી ભરાઇ જવાથી જે થાય છે તે ધબકારો
શિક્ષકે=માસ્તરે
બજાણીયા=નટ
દીલગીરી=અફસોસ
સીધુ ઘેર આવવું=ક્યાંઇ રોકાવું નહિ.
આજ્ઞાવિરૂદ્ધ=હુકમથી ઉલટું, રજા વિના
અલબત=બેલાશક
શંકા=વહેમ
ચિડાય=ગુસ્સે થાય

કાનો=કાંઠા
ઇરાદાથી=વિચારથી
શેઠાણી—ઘરની માલીક
ડોળ=ચાળા, ઢોંગ
હેતુ=મતલબ
કાછીઅણ=બકાલું વેચનાર બાઇ
પ્રશ્ન=સવાલ

પાઠ ૧૧ મો.

ખરીદી લાવી=વેચાતું લઇને આવી
હડફેટ=હડી, ચોટ
અફળાવાથી=પછડાવાથી
બલા—કાશ
ચઢિયાતું=સારૂં
ચોકસી=તપાસ, ખાતરી
દામ=પૈસા
પસંદ પડયું=ગમ્યું
ફુટી ગયા=નકામા ગયા
આશિષ=આશીર્વાદ
ગોલણ=ગોલારાણાની વહુ
પસીનો=પરસેવો
ઓઢણ=ઓઢવાનું લુગડું
લાગઠ=કાયમ, સરાર
આણી હોય=લાવ્યા હોય
અનાથ=ગરીબ
આંતરડી=કાળજું
ઓહોમાં=મરજી પ્રમાણે, બે પરવાઇથી
ઘટિત=લાયક, યોગ્ય

પાઠ ૧૨ મો.

દેશાણ=દેશાઇની વહુ
ફુલણજી=કોઇ ચડાવે તેમ મરજી પ્રમાણે ખરચ કરનાર
ઉંઘ ઉડવી=ભાન આવવું
ઝડપી લેશે=સગપણ કરી જમાઇ કરશે.
જંપ=નિરાંત
વાંકડાના=પહેરામણીના
સરતો=બોલાચાલી, કરાવ
કુળવાન=ખાનદાન
ભારે=વધારે
દેશાઇગીરી—દેશાઇની પદવી
વાડી વજીફા=જાગીર, બાગ બગીચા
કરજ=દેણું
વ્યાજ=રૂપીઆનું ભાડું
ઉત્પન્ન=પેદાશી
દાગીના=ઘરેણું
ઉજળું એટલું દુધ=ઉપજ ગણો છો પણ ખર્ચનો હિસાબ ગણતા નથી.
હાલત=સ્થિતિ
કપડાં લત્તાં=લુગડાં વગેરે
કરકસર=આવડ ત્રેવડ
નિભાવવું=ચલાવવું
ઘટતો=વ્યાજબી
ખરાબખસ્ત=પાયમાલ
હઠ=જીદ્દ
ધામધુમ=ઠાઠ, ભભકો
કોડ=હોંસ
કસર=ખામી
હદથીજાદે=વધારે પડતાં ગજા ઉપરાંત
ગામ ગરાસ=ઘરબાર તથા ગરાસ
ગીરો=ઘરેણે, સાનમાં
દરદાગીના=ઘરેણાંગાંઠા

પાઠ ૧૩ મો.

વિષ્ટિ=સલાહનું કહેણ અથવા વહેંટી, પંચાત
સમાધાની=સલુકાઇ સંપ
ઇરાદો=વિચાર

સત્કાર=માન
સજ=તૈયાર
હસ્તિનાપુર=દિલ્હીની ઉત્તરે ૬૦ મૈલ પર શહેર હતું.
દુર્યોધન=કૌરવોનો મોટો ભાઇ
ધૃતરાષ્ટ=કૌરવોનોબાપ
વિદુર=કૃષ્ણનાં પરમ ભક્ત
કુંતી=પાંચ પાંડવોની માતા
રૂચિ=ભાવ
ગરજ=પરવા, ઓશીયાળ
મૈત્રિ=મિત્રતા
ઘટિત=લાયક
આગ્રહ=તાણ
મતલબ=અર્થ
ભીષ્મ=શંતનુ રાજાના બ્રહ્મચારી પુત્ર
વિનતી=અરજ
બિરાજ્યા=પધાર્યા
ઐક્ય=સંપ, એકતા
સંહાર=નાશ
ભરતનું કુળ=ભરત રાજાનો વંશ
સદાચરણ=નીતિ

વિખ્યાત=જાણીતું
દુરાચારે=અનીતિએ
વર્તે છે=ચાલે છે
પ્રલય=નાશ
સમાધાન=નીવેડો
સલાહ=શાંતિ
શત્રુવટ=દુશ્મનાવટ
દ્વેષબુદ્ધિ=કલેશ ઉત્પન્ન થાય એવી બુદ્ધિ
નિમિત્ત=કારણે
ઓચ્છવ=આનંદનું પર્વ
ગુપ્ત=છાના
વ્રત=નિયમ ઉણું=ઓછું
નિરાંતે=સુખેથી
યથાર્થ=બરાબર, જેવું જોઇએ તેવું
હઠીલો=મમતી
ગાંધારી=ગાંધાર દેશના રાજાની કુંવરી ને ધ્રતરાષ્ટ્રની સ્ત્રી

પાઠ ૨૫ મો.

મુઅતરી=થોડો વખત બંધ રાખવું
ગાળે છે=કાઢે છે
એઠવાડઅબોટ=એઠવાડ કાઢી ચોકખું કરવું તે
ત્રાસ=કંટાળો
સહેલથી=જલદી

મંજાતાં નથી=સાફ થતાં નથી
વીની જાય=નીકળી જાય
માઠાં પરિણામ=ખરાબ ફળ
લક્ષમાં=ધ્યાનમાં
કીમતી—મુલ્યવાળા
ઘડીઓ કરી=સંકેલી
ભેજ=ભિનાશ
વાંતરી=ઝીણાં સફેદ જીવડાં, કંસારી
દશા=હાલત
અખાત્રીજ=વૈશાક સુદી ત્રીજ
મેઘરાજા=વરસાદ
સંચાળવાનું=ચળાવવાનું
વા તડ=ઝીણી, બારીક ફાટ
બારીક=ઝીણી
દરકાર=પરવા
રૂપીયારોકડામાં=એક રૂપીયે
બળીઆ=શીળી
ટંકાવવા=કઢાવવા
તજવીજ=ગોઠવણ
વાવડ=રોગ, ઉપદ્રવ
ભોગ=હોમ, નાશ

છવાઇગયું=ઢંકાઇ ગયું
એકાએક=એકદમ
લવારી=બકવાટ
રામરમીગયા=રામ એવો એનો જે જીવ તે રમવા ગયો મતલબકે મરણ પામ્યો
ભયંકર=બીકાળું
પરિણામ=ફળ

પાઠ ૧૬ મો.

કાજી=ન્યાયાધીશ
પરદેશ=બીજો દેશ
થેલી=કોથળી
સહી સિક્કો=ચોક્કસ નિશાનની છાપ
થાપણ=પુંજી
મોં આગળ=દેખતાં રૂબરૂ
અકબંધ=બરાબર પેક કરેલી
સીધી=બાજબી
તખ્ત=ગાદી સિંહાસન
બેફીકર=ચિંતા વિનાનો
વણનાર=તાણા, વાણા બંધ બેસાડનાર
ચાલાક=હોશિયાર
વુણી=મેલવી
દુરસ્ત=સાજો
બેશ=સારૂં
બિછાવ્યો=પાથર્યો
ફાંફાં=ઢોંગ
અજાણપણું=પોતે નથી જાણતો એવા ચાળા
રફુ કરી છે=વુણી છે
ખુદાવંદ=મોટા માણસને માટે માનવાચક શબ્દ છે
પ્રમાણિકપણું=સાચવટ
પૂર્ણ=પૂરો
પાક દાનત=સાચું મન
થાપણ=મુકેલ પૈસા
ઓળવી=પચાવી

પાઠ ૧૭ મો.

સાવિત્રી=સતી સ્ત્રી તે અશ્વપતી રાજાની કુંવરી થાય
મદ્ર=મુલતાન દેશ
તપોવન=તપ કરવાનું જંગલ
મુની=ઋષિ
શાસ્ત્રચર્ચા=ધર્મનો વિવાદ
કિશોર=પંદર વર્ષની ઉમર
અવંતી=અયોધ્યા
પદભ્રષ્ટ=ગાદીએથી ઉઠાડેલો
અત્રે=અહીં
વરી લીધો=પરણાવાનું નક્કી કર્યું
નિશ્ચય=ઠરાવ
ઉપદેશ=બોધ
અર્પણ કર્યું=આપી દીધું
મિથ્યા=ફોકટ
આગ્રહ=તાણ
સ્વયંવર=ઇચ્છા પ્રમાણે વર વરવા જે સભા ભરવી તે
બાળા=દીકરી
ક્ષમા=માફ
તનમનથી=સર્વ પ્રકારે
ભવિષ્યમાં=નસીબમાં, આવતા વખતમાં
વિધવાપણું=પુરૂષ મરવાથી સ્ત્રીની જે સ્થિતિ થાય તે
અનિત્ય=નાશવંત
નિત્ય=હમેશ રહે તેવું
દ્રઢતા=અડગપણું
આંસુભરી આંખો=રોતાં રોતાં
દિપાવવું=શોભાવવું
ભવન=ઘર, મહેલ
વડીલો=સાસુ સસરો

ભાખેલા=અગાઉથી કહેલા
ફળફળાદિ=ફળફુલ વગેરે
મિખે=કારણે, બહાને
ચેન=સુખ
પતિવૃતા=સતિ
સાધ્વી=ધણીના કબામાં રહેનાર
પ્રતાપ=બળ
જીવતદાન=જીવવાનું દાન

પાઠ ૧૯ મો.

તીર્થક્ષેત્ર=તીર્થની જગ્યા
મંદીર=ઘર, શાળા
મોક્ષ=છુટકારો, જન્મ મરણનો ફેરો ટળે તે
ક્ષેત્ર=ધામ, જગ્યા
મહિમા=મોટાઇ
અશક્ત=શક્તિવિનાના
ખ્યાલ=વિચાર
સોઇ=સગવડ
ભાથું=ભાતું પોતું
પારાવાર=ઘણુંજ
સહેલ=આનંદ
બીન=વિના
શિખરો=ટોચો, કળસ ભાગવાળો
વેધશાળા=ગ્રહનિરીક્ષણ જગ્યા
વિચિત્ર=નવાઇ જેવી
ઘંટાકાર=ઘંટના આકારે
ઉપલે સામે=સામે વ-હેણે, ઉપર વાસ
વિશ્વવિખ્યાત=દુનિયા-માં જાણીતુ
જ્ઞાનકૂપ=જ્ઞાનનો કૂવો
ગજવાકાતરૂ=ખીસ્સા કાતરનારા
સાવધ=સાવચેત
મોંઘા મુલનો=મોંઘો ન મળે તેવો
મજલીન=એક જાતનું ઝીણું કપડું
આંખને આંજી નાખે=મોહ પમાડે એવો
નમુનાદાર=સારા, ઉત્તમ
નાનાવિત=જુદી જુદી જાતનાં
દબદબાથી=ઠાઠથી
શ્રેષ્ટ=ઉત્તમ
ધુરંધર=ઘણાં મોટા
આચાર્યો=ધર્મગુરૂઓ
અનાદિ=જુના
પદ્ધતિ=રીત
દાન=મફત આપવું તે

પાઠ ૨૦ મો.

વહાલ=પ્રીતી, પ્રીય
વરવની=વિધવા, રાંડીરાંડ
વની=વિના
ઘોરાં=મોટા
ઘર=મકાન તથા તેમાં રહેતું સર્વ કુટુંબ
સંબંધ=સગપણ
ધામ=ઠેકાણું
સ્વાર્થ=મતલબ
અદેખાઇનોવાસ=ઇર્ષાનું ઠેકાણું
વિદાયગીરી=રજા
ધમકાવે=ડારો દે
રાવ=ફરિયાદ, દાદ
રોદણાં=દુઃખ
ગોદમાં=ખોળામાં
ભણી=તરફ
ભેટી=વળગી

પાઠ ૨૬ મો.

સંઘ=જાત્રાએ જના-રનું ટોળું
આપદા=પીડા
બેશુદ્ધ=ભાનવગરનાં
જે જે=નમસ્કાર
મજલ=૧૨ ગાઉ
સ્પષ્ટ=ખુલ્લી
થાક=આરામ

યાળ=કેશવાળી
વિકરાળ=બિયામણું
ડોળી=માચી, તેને બે તરફથી બે માણસ ઉપાડે છે
અવલોકન=ધારી ધારી ને જોવું

પાઠ ૨૩ મો.

સ્થાનકો=જગ્યાઓ
દિંગ=આશ્ચર્ય
ગૌમુખી=ગાયના મોઢા જેવું હોય છે ને તેમાંથી પાણી પડે છે
રંગબેરંગી=ભાતભાતની
બોડું નાળીયેર=છાલ વિનાનું
ભેરવજપ=ઊંચેથી પડી ને જીવ કાઢવો તે
ભવ=જન્મારો
સાખ=આંબા ઉપર પાકેલી કેરી
ઓટ=તાણ, અછત
નેમનાથ=જૈન લોકોના ૨૨ મા તીર્થંકર
ભવ્ય=શોભીતી, મોટી
ઝરતું=ટપકતું
ટુંક=શિખર

પાઠ ૨૪ મો.

દ્રષ્ટાંત=દાખલો
પાકદાનત=શુદ્ધ મન
બંડ=હુલડ
ઉશ્કેરણી=શીખવણી
ત્રાસ=જુલમ
કવાયતી=કેળવાએલું
નિરાધાર=આશરા વિનાના
ક્રુરતાથી=ઘાતકીપણેથી
ભયંકર=ભયભીત
ધરાવે=રાખે
તજવીજ=ગોઠવણ
ગરબડ=તોફાન
મચી=જામી
ચુપકીથી=ચાલાકીથી ઝટ
ભસ્મ=રાખ
પચાવીપાડવું=રાખીલેવું
સંભવ=ભરૂસો
સ્તુતિપાત્ર=વખાણવા લાયક
ફલેનલ=ગરમ કપડું
સર કર્યું=જીત્યું
આનંદી ચહેરે=ખુશ મિજાજે
નીમકહલાલી=ખાધને સારૂં કરવું

જન્મારો=જીંદગી
સુકૃત્ય=સારાં કામો

પાઠ ૨૬ મો.

આજ્ઞા=હુકમ
છુટી=રજા
માયા=હેત
આવકાર=માન
ટોકે છે=મેણા મારે છે
ફજેત=હાડહાડ
કાળજું=હૃદય, મન
તુંકારા=તોછડાઇ
ટકટક=બોલ બોલ, લવારો
ખોટ=ખામી
ચોભીલી=શરમીંદી શરમાઇને
ઝુરામાં=ઝુંડામાં
અનુભવ=મહાવરો
નારાજ=નાખુશી
વડીલ=મોટા
ધર્મ=ફરજ
સંસાર=ઘરનો વહેવાર
દરકાર=પરવા
સલાહ=મત

પાઠ ૨૭ મો.

ઉતરેલ ચહેરે=ઉદાસી મોઢે
અભાગણી=કમનસીબ

નઠોર=નઠારાં
આળવીતરાં=અટક-
ચાળાં
સહેજ=નજીવી
અધમોઇ=અધકચરી,
અરધી મુવા જેવી
ઝુડયો=માર્યો
હાથના કર્યાં હૈયે વાગ્યાં=
પોતાની ભુલ પોતાને
નડી
પરિણામ=ફળ
સોહાશો છો=ગાળું દાબો
પી જાય છે=ગણકારતા
નથી
આયનો=તકતો
બિલોરી=એક જાતનો
દાબ=કડપ (કાચ
સ્વચ્છંદે=પોતાની ઇચ્છા
પ્રમાણે
અનુસરે=મળતા આવે
અળગ=છેટા, દુર
તક=વખત
અભિલાષા=ઇચ્છા
આતુરતા=અધીરાઇ
અજમાવીશ=કરી જોઇશ

પાઠ ૨૯ મો.

રાજભક્તિ=વફાદારી,
રાજાની સેવા
સાધન=ઉપાયો
ખુવારી=નાશ, પાય-
માલી
દહેશત=બીક
સાંસા=વાંધા, અડચણ
છવાયેલું=ઢંકાએલું
આપડી=પોતાના જેવા
ખરા
સરહદ=સીમા
વખાનો=દુઃખનો
અણીની વખતે=છેવટે,
અંતે
રિબાતો=પીડાતો
ભેટી પડયો=મળ્યો
સિધાવો છો=પધારો છો
સલામત=નચીંત, સુ-
ખરૂપ
જોગ=સગવડ, વખત
ગળગળો=રોયા જેવો
અન્નદાતા=અન્ન
આપનાર
તાકાદ=શક્તિ
મેવાડ માતા=એ શબ્દ
સ્વદેશ પ્રીતિ બતા-
વે છે
કૃતાર્થ=સફળ સિદ્ધ
મનોરથવાળો
ભેટ ધરી=આપી
રાજભક્તિ=રાજા તર-
ફની વફાદારી

પાઠ ૩૦ મો.

અજ્ઞાન=અણસમજણ
ભોળાપણ=ભોળાપણું
માન્ય=કબુલ
દેખાવડી=રૂપાળી
દ્રષ્ટિ=નજર
અવાચક=ન બોલી
શકે તેવી
ઓળંગ્યું=ટપ્યું
જળી=ટેકરી
ભાડુત=ભાડે રહેનાર
પજવે છે=દુઃખ દે છે
સાધવા=પાર પાડવા
ભોળેભાવે=વિચાર
કર્યા વિના
પરખી=ઓળખી
ઉપચાર=ઉપાય
ખતા=ઠોકર
આજારી=માંદી
સજજડ=મજબુત
પ્રયોગ=અખતરા

પાઠ ૩૧ મો.

મંછા=મન
શંકા=વહેમ
અસર=લાગણી
દિવાના=ગાંડા, બેભાન

હાણા વાળવા=હાણા જોવરાવવા તેમાં વાચા વધાવો જુએ છે
યુક્તિઓ=કળાઓ
શ્રમ-મહેનત
લેખવામાં=ગણવામાં
પરોણો=મેમાન
વંત્રી=ડાકણ
ધાઈ=દોડયા
કામણ=વશ કરવાના ઈલાજ
સડો=એવો કાંઈ રોગ
હીંમ=વધારણી
કરેડું=સુવાવડું
સ્પર્શ=અડકવું, અસર
કોહે છે=સડે છે
વાયુ=એક જાતનો રોગ જેને હિસ્ટિરીઆ કહે છે તે જુવાન બૈરાંને અથવા સુવાવડાને થાય છે.

પાઠ ૩૩ મો

વિદુષી=બહુ વિદ્યા ભણેલી સ્ત્રી
નૃત્યકળા=નાચ કરવાની કળા
પાકશાસ્ત્ર=ભોજન બનાવવાનું શાસ્ત્ર
પૂર્વે=પહેલાં
યોગવયે=લાયક ઉમરે
તરૂણ=જુવાન
સંમતિ=સલાહ
સમર્થ=જબરા
પ્રસંગ=વખત
નિર્ણય=નક્કી
મધ્યસ્થ=પ્રમુખ, પંચ ત્રાહિત
પસંદકરી=કબુલ કરી
કરમાશે=સુકાશે ઝાંખા પડશે
પક્ષપાત=તરફદારી
ફેંસલો=ન્યાય
કરાર=ઠરાવ, સરત
મર્મ=ભેદ
અબળા=સ્ત્રી જાતિ
યશસ્વી=જશવાળા
યત્ન=મહેનત
ઉત્કંઠા=ઇચ્છા
વિશાળ=બહોળા
ટક્કરલેવી=સામે ઉભાં રહેવું

પાઠ ૩૪ મો

મશ્કરા=આનંદી પુરૂષો
હાજર જવાબ=તરતજ જવાબ
રીઝવેછે=રાજી કરે છે
બડી=મોટી
નિશ્ચય=નક્કી
વિસારેપડવી=ભુલી જવી
મસ્ત=જબરો, તોફાની
ઝરૂખા=રવેશ
ધમપછાડા=ધોડા
મદમાં=તોફાનમાં
ભયંકર આફત=મોટું દુઃખ
લાગ=દાવ, ઉપાય
પ્યાર=હેત
અણીનો વખત=મરવા ટાણું
અફાળ્યું=ફેંકયું
ખુદા=ઇશ્વર અલ્લા
બંદગી=પ્રાર્થના
સ્નાન કર્યું=નાહ્યો
વાકેફ=જાણીતો
પસરી=ફેલાઈ
હર્ષથી=આનંદથી
સરપાવ=પહેરામણી
નિશ્ચિતપણે=ચીંતાવગર

પાઠ ૩૬ મો

પત્રવહેવાર=કાગળનો વહેવાર
સ્થાપન થયું=સ્થાપણું થયું
સવડ=ગોઠવણ

પાકી=ખરેખરી
પરબીડીયા=કવર
મહોરૂં=સિક્કો
બેપીઆ=કાસદીઆ
સહીસલામત=વગર અડચણે
માનવાચક=માન બતાવનારા શબ્દો

સંબંધ=વહેવાર
તીર્થરૂપ=તીર્થ જેવા
ચિરંજીવી=લાંબુજીવનાર
સૌભાગ્યવતી=શણગાર વાળી, સુવાસણી
ગંગાસ્વરૂપ=વિધવા સ્ત્રી ગંગા નદીના તીર્થ જેવી

ઉપયોગ=વપરાશ
ઘટે=શોભે
પત્તો=ઠેકાણું
સુચના=બાબત
ક્રમવાર=એક પછી એ
મહોલ્લો=શેરી
મેર=તરફ
રવાને કરવો=મોકલવે

પુસ્તક બીજું.

ભાગ ૨ જો, પાઠના અર્થ

પાઠ ૩૭ મો
આદિ=પહેલાં
તીર્થંકર=જૈનલોકોના ૨૪ તીર્થંકર છે તે ભગવાન
આદીશ્વર=પહેલા ઇશ્વર
છઠું સૈકુ=૫૦૧ થી ૬૦૦ સુધીનો વખત
ચરિત્ર=જીંદગીનો ઇતિહાસ
ધર્મોપદેશક=ધર્મનો ઉપદેશ કરનાર

રીવાજ=રીતભાત
રાજ્ય વ્યવસ્થા=રાજ્યે પ્રકરણી બાબત
બોધ=ઉપદેશ
પરકુટુંબ=પારકું કુટુંબ
દશા=હાલત
વિનીત=નિયમમાં રહેનારા
પાયદળ=પગે ચાલનાર
ચતુરંગ=ચારઅંગવાળી
રચી=બનાવી, ગોઠવી
રક્ષકો=રક્ષણ કરનારા

જેરવી=પચાવી
બાફ=ગરમાવો
વૃક્ષ=ઝાડ
શાખ=ડાળી
ભયભીત=આશ્ચર્યકાર
કુંભસ્થળ=હાથીના માથાના કાનની પાસે ઉપસેલો ભાગ
પદ્ધતિ=ગોઠવણ
લિપિ=અક્ષર
ધનુર્વિદ્યા=બાણુમારવાની વિદ્યા

વસંતમાસ=ફાગણને ચૈત્ર માસ
વિલાસ=વૈભવ
વિષય=વૈભવ, ભોગ
ગ્રહણકર=હાથમાં લે
યતિ=સાધુજતિ
અહિંસા=કોઇને મારવું નહીં તે
બ્રહ્મચર્ય=સદા કુંવારા રહેવાપણું
સાધ્વી=સ્ત્રીજાતી સાધુ થયેલ હોય તે
ધર્મસંઘ=મંડળી
નિર્વાણ=મોક્ષ

પાઠ ૩૮ મો

બુદ્ધ=જાગેલો, જ્ઞાન પામેલો
અસાધારણ=જબ્બરી, જેવી તેવી નહીં
ખાતરી=સાબીતી
ક્ષણભંગુર=નાશવંત
અસર=લાગણી
હૃદય=મન
વૃત્તિ=ઇચ્છા
દેહ કષ્ટ=શરીરને દુઃખ દેવું તે
કંટાળી=કાયર થઇ
તૃષ્ણા=ઇચ્છા
પ્રાપ્ત થાય=મળે
સદાચારે=નીતિએ
નમસ્કાર=પ્રણામ
ગાડરીઆ પ્રવાહ=ઘેટાના ટોળામાફક, વિચાર કર્યા વિના
ધર્માચાર્યે=ધર્મગુરૂ આચાર્યે
પરસ્પર=એક બીજા
ફરજો=ધર્મો
પંચશીલ=પાંચ શીયળવ્રત
હિંસા=કોઇને મારવું
માદક=કેફી
ભિક્ષુ=ભિખારી

પાઠ ૩૯ મો

વિજય=જીત
શાંતિ=ધીરજ
સ્વદેશખાતર=પોતાના દેશ માટે
રણે=જુદ્ધમાં
પ્રકાશવા=નોંધવા
કીર્તિ=જશ
તેજસ્વી=પ્રકાશિત
હેરાનગતિ=દુઃખ
ધર્મિષ્ટ=ધર્મની લાગણી વાળો
જુલમ=કોપ, બળાત્કાર
તગાવી=ખેડુઓને અગાઉથી ધીરવામાં આવેલ રકમ
માંડીવાળ્યું=ન લીધું
દસ્તાવેજો=લેખો
કુરાન=મુસલમાની ધર્મનું પુસ્તક
વરસતી હતી=વરસાદની પેઠે રેલી રહી હતી
મદ્રેસા=ઉર્દુ નિશાળો
સરા=ધર્મશાળા
લોકોપયોગી=લોકનાં ઉપયોગમાં આવે તેવા
ઇજનેર=બાંધકામ કરનારા
ફળદ્રુપ=રસાળ
આશ્રય=આધાર
મુર્તીપુજા=સાકાર, પ્રત્યક્ષ મુર્તીની પુજા
કાબેલ=હોંશીયાર
સારાકુળનો=ખાનદાન કુળનો
આબાદી=ચઢતી

પાઠ ૪૦ મો

મધુર=મીઠી
કોમળ=સારી
રસીલી=રસવાળી
રૂપવંતી=રૂપાળી

વર્તન=રીતભાત
સ્વભાવિક રીતે=કુદરતી રીતે
રેહણીકરણી=રહેવાની તથા ચાલવાની રીતભાત
પેલી દુનિયા=પરલોક, સ્વર્ગ
કાર્યો=કામો
વલણ=મત, વળવું તે
શ્રોતાજન=સાંભળનારા
છક=આશ્ચર્ય
વ્યર્થ=ફોગટ
શ્રદ્ધા=ભાવ,
ખ્યાતિ=પ્રખ્યાતી
જાહેરરીતે=ઉઘાડે છોગે
ગુસ્સો=ક્રોધ
સંન્યાસી=સાધુ
સાધ્વી=સાધુના રૂપમાં રહેલી સતી સ્ત્રી
વિનતિ=અરજ
મુલ્યવાન=કીમતી
ભેટ=ઇનામ
સ્વીકારે=કબુલ કરે
વૃંદાવન=તુલસીના વન ગોકુળ મથુરા પાસે છે.
ડાઘ=કલંક

તાર્યું છે=દીપાવ્યું છે
તે દરમિઆન=તે વખતે
વિષ્ણુભક્ત=પરમાત્મા કૃષ્ણના ભક્ત
શિવમાર્ગી=શંકર અથવા મહાદેવનો ધર્મ માનનારા

પાઠ ૪૧ મો

મહાન=પ્રખ્યાત,જબરા
મળતાવડો=મળીજાય એવો
ચપળ=ચાલાક
કુશળતા=હોશીયારી
ગેરબંદોબસ્ત=ગોટાળો
માથે ચઢી ગયા=ઉદ્ધત થઈ ગયા
વિસ્તાર=ફેલાવો
પટરાણી=મોટી રાણી
પાટવી=મોટા
જમાબંધી=જમીનનું મહેસુલ નક્કી કરવાનું કામ
ભાષાંતર=તરજુમો. એક ભાષાનો સાર બીજી ભાષામાં લઈ લખવું તે
સુભટ=સારો લડવૈયો
સામંત=સેનાપતિ
તત્વ=સાર, રહસ્ય
સરસાઈ=શાદાપણું
બેધડકપણે=નિશ્ચિંતપણે
હકસાઈ=હક,(કર,વેરા, વેઠ, મુઠી, પવાલું)
જજીઆવેરો=મુંડકાવેરો
સતી થવું=ધણી મુઆ પછી તેની સાથે જીવતાં બળી મરવું તે
દબાણ=બીક, ડારો
ઉત્તેજન=આશરો
લોકપ્રિય=લોકમાંવહાલો
સ્વર્ગવાસી થયો=મરણ પામ્યો.

પાઠ ૪૨ મો

બેગમ=પાદશાહની રાણી
વખાનો માર્યો=દુઃખને લીધે
ગર્ભવતી=બે જીવવાળી
દરજ્જે=હોદ્દે
પ્રવિણ=હોંશિયાર
જનાનખાનું=બેગમોનો વાસ
પરવાનગી=રજા
શાહજાદી=પાદશાહની દીકરી
કુરાનેશરીફ=મુસલમાની ધર્મનું મુખ્ય પુસ્તક

ખીલવા=દીપવા
ચાહતો=ઇચ્છતો
તરૂણ=જુવાન
ધામધુમથી=ઠાઠથી ભભકાથી
ખિતાબ=હોદો
દંગો=બંડ, બળવો
ફીસાદ કરવો-ઉઠાવવો
દાદ=ફરિયાદ
ફરમાવતા=હુકમ કરતા
ખાવિંદ=ધણી
નીમકહરામ=ખાઇને બુરૂં કરનાર
બેકસુર=નિર્દોષ, વાંક વગરનો
શાદી=લગ્ન
લગામ=સત્તા
વ્યવસ્થા=ગોઠવણ
જાહોજલાલી=શોભા
વટાળે=પાણી ભરાવે

પાઠ ૪૩ મો.

સરટોમસરો=ઈંગ્લાંડ નો વકીલ
મુલાકાત=મળવું તે
પોર્ટગીઝ-ફીરંગી
છુટથી=સ્વતંત્રપણે
હક=દાવો
કોલકરાર=ઠરાવ

એલચી=વકીલ
હેવાલ=ઇતિહાસ
આગતા સ્વાગતા=મેમાનગતી
ઝડતી=તપાસ
માન મરતબો=લાયકાત
પ્રતિનિધિ=રાજા તરફનો મોટો અમલદાર
ગણના=ગણતરી
ઉજડ=નાશ
આબાદ હાલત=સારી સ્થિતિમાં
તફાવત=ભેદ
નજરાણા=ભેટ
રજુ=હાજર
જાહોજલાલી=શોભા
જુજ=હલકો
ઘરવટથી=ઘરના જેવા ઘાટા સંબંધથી
રત્ન જડિત=રત્નના જામ=પ્યાલા [જડેલા]
મના=બંધી
કુરતા=ઘાતકીપણું
તુલા=તોલ, એક તરફ પુરૂષને બીજી તરફ તેના વજન જેટલી કીમતી વસ્તુ

તેજાના=ગરમ મસાલા
દબદબો=ઠાઠ
અવ્યવસ્થા=ગરબડ
ઘેરાવો=ફરતો ઘેર
ખટપટ=લુચ્ચાઇ
હેતુ=મતલબ
પંથ=માર્ગ
વલંદા=હોલાંડના ડચ લોકો
ફરમાન=હુકમ

પાઠ ૪૪ મો.

વિષુવવૃત=ભુમધ્યવૃત પૃથ્વીના ગોળાઉપર મધ્યમાં પુર્વ પશ્ચિમ કાઢેલી લીટી
સમાંતર=સરખે અંતરે
અક્ષાંશ=વિષુવવૃતથી ઉત્તર તથા દક્ષિણમાં સરખે અંતરે લીટીઓ દોરેલી છે તે
અંશ=પૃથ્વીના ગોળાના સરખા ૩૬૦ ભાગ કરેલા છે તે માંહેનો દરેક
પરિઘ=ઘેરાવો
કાંબી=પિત્તળની ગોળ પટી

રેખાંશ=ઉત્તરથી દક્ષિણ તરફ જનારી લીટીઓ જે વિષુવવૃતને છેદીને જાય છે તે
હરકત=અડચણ
અંશ=ભાગ
ગ્રીનીચ=લંડનની દક્ષિણે એક ગામડું છે ત્યાંથી અંગ્રેજો રેખાંશ શરૂ કરે છે.

પાઠ ૪૫ મો.

પવન=ગતિવાળી હવા
ધસી=દોડી
નિયમિત=નિયમસર વહેતો વાયુ
વ્યાપારવાયુ=વિષુવવૃતથી બન્ને તરફ જતો વાયુ
મોન્સુન=ઋતુનો પવન
અતિશય=ઘણોજ
એકાએક=અચાનક
આંધી=જે પવનથી આકાશ ધુળથી છવાઇ જાય તે
વંટોળીયો=ભમરાની પેઠે કુંડાળા કરતો જોરમાં છુટેલો પવન
અનિયમિત=ગમે ત્યારે થનાર નિયમ વિનાનો

પાઠ ૪૬ મો.

છવાએલો=ઢંકાએલો
ફળદ્રુપ=રસાળ
જળવાઇ=સચવાઇ
ધાડી=બીચ
મોલમીન=બ્રહ્મદેશનું એક શહેર છે.
અબનુસ=ટીમરવાના ઝાડનો ગર અથવા માંહેનો ભાગ
ઉપજીવિકા=ગુજરાન
વિકરાળ=ભયંકર
રાની=વગડાઉ
માંસાહારી=માંસ ખાનારા
પ્રવાસી=મુસાફર
રાસતી=વસ્તીવાળાં
ખેરસાળ=ખેરનાં લાકડા માંથી કાઢે છે તે ઉધરસ ઉપર કામ લાગે છે

પાઠ ૪૭ મો.

વહેવાર=લેવડ દેવડ
કોરા દિવસ=શિયાળો તથા ઉનાળાના દિવસ
જામતો ગયો=મજબુત થતો ગયો
પુષ્કળ=ઘણી
જોડાએલી=મળેલી
ઓદ્ધા=પદવી
સાદી સડક=રેલ વિના પગ રસ્તો કે ગાડાં જવાની સડક
ત્રીજો વર્ગ=આગગાડીમાં પહેલો બીજો ત્રીજો એમ વર્ગ પાડવામાં આવ્યા છે તે
અંતર=છેટું
ઉપલાણે=ઉપરવાસ
મુખ=નદી સમુદ્રને મળે તે ભાગ

પાઠ ૪૮ મો.

પ્રવાસ=મુસાફરી
વિલાયત=આપણા પાદશાહનો મુલક ઇગ્લાંડ
પ્રદક્ષિણા=ફરતો ફેરા
બારૂં=બંદર
તળે=નીચે
સતત=ખરેખર પૂરી
ઝાંખી થાય છે=નજરે પડે છે
મુંબઇનો હાકેમ=મુંબઇનો ગવર્નર

મંઝાવર=જબરાં
પ્રવેશ કરેછે=દાખલ થાય છે
ખેદીવ=મિસરના રાજા
વખારો=જથાબંધ માલની દુકાનો
ભુખડું=ભીખારી
કુશળ=હોંશિયાર કાબેલ
યોજના=ગોઠવણ
કંપની=મંડલી પાંચ સાત વેપારીની મંડળી
દીવાદાંડી=દરીયામાં વહાણની સલામતી માટે ખડક ઉપર બાંધેલ મિનારો
ગતિ=વેગ
કંટાળો=ત્રાસ
ટંકશાળ=જયાં ચલણી સિક્કા પાડવામાં આવે તે
ઉજળાટવાળું=ઉજળું રિદ્ધી સિદ્ધીવાળું
ધામધુમીઉં=વેપારની ધમાલવાળું
ભૂમધ્ય=જમીનની વચ્ચે આવેલો
આલ્પ્સ=યુરોપખંડમાં મધ્યમાં આવેલો પર્વત છે
ઘાટ=ડુંગરમાં કાઢેલો રસ્તો
જળમાર્ગે=પાણીને રસ્તે
કુંચીરૂપ=જવા આવવાનું નાકું
કમી=ઓછું
પાયતખ્ત=રાજધાની
વિશ્રામસ્થળો=આરામ લેવાનાં મકાનો
દિંગ=આશ્ચર્ય

પાઠ ૪૯ મો

બ્રિટિશ બેટ=ઈંગ્રેજ તાબાના બેટો
સ્થળ=ઠેકાણું, શહેર
સમૃદ્ધિવાળું=રિદ્ધિસિદ્ધિ વાળું આબાદ
ચોડા=પહોળા
થીજી=ઠરી, જામી
પીલા=ફણગાં કોંટા
માવજત=ચાકરી
ગ્રેનાઇટ=કઠણ કાળમીંઢ પત્થર
સાહસિક=હીંમતવાળા સાહસ કરનારા
ચપળ=ચંચળ, ચાલાક
છોબંધ=ચુનાવાળાં
રાચરચીલું=ફરનીચર, સામાન પ્રદર્શન
સુઘડતા=સ્વચ્છતા
અવસ્થા=હાલત
ખંડણી=અમુક ભાગ
આરંભ=શરૂઆત

પાઠ ૫૦ મો

મહારાજ્ય=મોટું રાજ્ય
પ્રાચીન=જુના
વૈભવમાં=પૈસે ટકે
પરરાજ્યો=બીજારાજ્યો
શુમાર=અડસટો
છળકપટ=દગા ફટકા
ત્રાસ પામી=કંટાળી
સત્તા=અમલ
કાયમ=જાથુ
નાકું=રસ્તાપરનું શહેર
ક્ષેત્રફળ=વિસ્તાર
છક=આશ્ચર્ય
અજબ તરેહનું=નવાઇ જેવું
રાજ્યવહીવટ=રાજતંત્ર રાજ્ય ચલાવવાની બાબત
જાથુ=કાયમની
નિકટ=પાસે
હકુમત=સત્તા

પુસ્તક બીજું.

ભાગ ૨ બે, પાઠના અર્થ.

પાઠ ૫૧ મો.

અભીજ=આશ્ચર્ય
મહાવરાથી=અનુભવથી
ઘાટ=આકાર
ઢાળીયું=ઢોળ, નમુનો
કદ=આકાર
ભજાવામાં=ભઠીમાં
પણ=રામપાતરરામેયાં
પરસાળ=ઓસરી
ઓપ=ચળકાટ
દેખાવડાં=રૂપાળાં
છિદ્રવાળાં=કાણાંવાળાં
ટરપી=ટપકી
તેલાં=તેલવાળાં વપરાએલાં
સાવચેતી=સંભાળ

પાઠ ૨૨ મો.

ભાગ્યશાળી=નસીબદાર
તુરૂં=તુરા સ્વાદનું
જડ=હલેચલે નહિ તેવા
ગોરમટી=ગોરાડુ માટી
બંધક=બંધ કરનાર
અવાળું=પેઢાં
ચાંદી=ચાંદા,, છાલાં
દાહ=બળતરા
ગચરકા=ખોટા છારીયા ઓડકાર
પાસ=પટ, સ્પર્શ અસર
કોકીલું=ગરમ
ખદખદે=ઉભરાય

પાઠ ૫૩ મો.

યત્ન=મહેનત
ગઠ્ઠો=કકડો
મેજ=ટેબલ
ઘસરકા=લીટા
પીગળતા=દેવતા ઉપર મુકી રસ થતા
આણીને=લાવીને
કટાણું=કટાઇ ગયેલું
રદ થઇ જાય=નાશ થઇ જાય
કારખાનું=જ્યાં ઘણાં માણસો ભેગા થઇ નવી વસ્તુ ઉત્પન્ન કરે તે
પરનાળ=ખાળ

પાઠ ૫૪ મો.

ઉષ્ણતા=ગરમી
માપક=માપનાર
કાંખ=બગલ
ડીગ્રી=અંશ
અવકાશ=માર્ગ, જગા
સ્વભાવિક=કુદરતી
ભયંકર સ્વરૂપ=બીહામણો દેખાવ
સન્નિપાત=ત્રિદોષ માથામાં ગરમી ચઢવાથી બકવા કરે છે તે
ભણી=તરફ
મુકાબલે=સરખામણી

પાઠ ૫૫ મો.

ખેર=રજ, રજકણ
અગર=અથવા

રગદોળાવું=ચોળાવું
અણગમો=ઇતરાજી
સુચના=બાબત
[illegible]કુંપાણી=જે પાણીમાં ચુનો વગેરે પદાર્થો ભળેલા હોય તે
ઉસ=ખારો
પસંદ કરવાજોગ=વખાણવા લાયક
ગરજ સારે છે=તેના બદલે કામ આવે છે
વક=ભાગ
દિવેલ=એરંડી
પાસ=અસર
કોકળવાણું=જરા ગરમ
કાર્બોનીક એસીડ=એક જાતનો શ્વાસ મારતો વાયુરૂપ પદાર્થ
સોડા=એકજાતનોખાર

પાઠ ૫૬ મો

આહીસકાય=ખમીશકાય
મસળવું=ચોળવું
બારીક=ઝીણાં
પડી=પેડ, કડચલી
મચ્છીનાધોરા=અગાસીની ભીંતો
કલ્લી=પાટલી
દુપટા=ખેસ
તોઇ=કસબી કોર
ફીત=કસબી પટી
કોકીલું=જરા હુંફાળું
સેતા=ખમાય એવા

પાઠ ૫૭ મો

કાળજી=ધ્યાન, ચીવટ
મઘમઘાવતાં=મસળતાં
સરકો=લીંબુનો ખાટોરસ
જલેહ=શોભા, ભભક
કરમોવેલો=મોવણ દીધેલો
લપેટવી=વીંટાળવી
ટર્પેન્ટાઇન=એક જાતનું વાસ મારતું ગરમ તેલ
પસરી=ફેલાઇ
સાવચેતી=સંભાળ

પાઠ ૫૮ મો

પ્રસંગે=ટાણે
વતન=શહેર
જાકૃત=ઉજાણી
રળીયામણી=સુંદર
ચહેરા=મોંની સીકલ
તજવીજ=ગોઠવણી, તપાસ
અપચો=નહિ પચે તે
પુષ્ટિ મજબુતી
તત્વ=કસવાળું સત્વ
રૂચિ=ઇચ્છા
મરી=તીખા
પ્રમાણ=માપ
બેસ્વાદ=ફીકી
વજન=તોલ કે માપ

પાઠ ૫૯ મો

ધીમેતાપે=મધુર તાપે
સળકોવળે=જરા વરાળ થાય ને ચઢી જાય તે
અધરણ=આધણ
ઠીગરાંઇજાય=ટોઠાથાય
કઠોળ=શીંગમાં જેએ ફાડવાળા પાકે તે
વાની=વસ્તુઓ ચીજો
બેશ=સારા
ટાણે=પ્રસંગે વખતે
ચીમળાએલા=વાસી
સ્વાદિષ્ટ=સ્વાદવાળાં
તરકારી=ભાજી
સ્થિતિ=શક્તિ
દુણાએલો=રાંધતાં બગડી ગએલો
બેદરકારી=કાળજી વગર
છોલાં=ખાંડેલાં
પુંઠાં=ફોતરાં
કરકર=કાંકરી કે ઢેફ-લીનો ભાગ
વિશેષ=વધારે

પાઠ ૬૦ મો

પારપડે=વપરાય ઠેકાણે પડે
વરો=ખરચ
અનુભવ=મહાવરો
ગતે ઘાલવું=ઠેકાણે પાડવું
આડીઆથી=ધોબાથી
આતશ=અગ્નિ
હરમી=હળદરના સ્વાદ જેવી
વાની=રાંધેલી ચીજો
મરવું=દાબડો
રૂપાંતર=એકમાંથીબીજું કરવું તે, અથવા આકારમાં ફેરફાર
લહેજત=મઝા, સ્વાદ

પાઠ ૬૧ મો

ઉજાણી=મીજબાની
નદી પાર=નદીને સામે કાંઠે
નિર્મળ=ચોકખા
કઢેલું=ખુબગરમ કરેલું
હાજરી=નાસ્તો, ટુંગો કોરડ
ઉલટથી=હોંસથી
સાંતરૂં=સીધું, રસોઇની સામગ્રી
કટેવાળો=વાસણ ચુલા પર મુકતા તેને નીચે માટી ચોપડી રાખ ભભરાવવી તે
પાતળો=પાંદડા
સરખી=સરખી ઉમરની
સાહેલીઓ=બેનપણીઓ
કસર=ખામી
પરવાર્યા=નવરા થયા
ચાંદની=અજવાળી રાત
ગપ્પાં=આડી અવળી ગમ્મતની વાતો
ચર્ચા=હકીકત
મોરમોર=ભુકો ભુકો
પાલવે=પરવડે
મેંદો=પડસુદી
ચેણી=તવી

પાઠ ૬૨ મો

બીરંજ=મીઠા ભાત, કેસરી ભાત
ટાણેટચકે=કોઇ સારા પ્રસંગે
મુખ્ય=પહેલાં
મુદ્દામ=ખાસ
ગોઠવણ=તજવીજ
સ્વાદિષ્ટ=સ્વાદીલું
કીધેલી=કરેલી
વેસણ=ચણાનો લોટ
પ્રમાણમાં=માપમાં
ત્રણપાંખડીયા=ઉંચી જાતના
ઊભારબા=કાચારબા
કસ=સત્વ
સસડો=સડસડ
ન્યાહે=તપેલાનાંઊપર દેવતાને નીચે પણ દેવતા આવે તેમ
લપલપાટ=બહુઉતાવળ
સંકોરીએ=ખહેરીએ, ફેરવ ફેરવ કરીએ
કુખ=પડખું
ઓધો=કાચો
કહેવતો-જેની દાળ બગડી તેનો દહાડો બગડયો એટલે દાળ ખરાબ થઇ હોય તો આખો દહાડો ભુખ્યા મરવું પડે તેમ અથાણું બગડયું હોય તો આખું વરસ દુઃખ ભોગવવું પડે માટે એ કરવામાં બરાબર લક્ષ રાખવું

પાઠ ૬૩ મો.

લટીઆં=માથાના વાળની લટ

ઉગડા=ઉભાંગડે, ઉભે પગે
ટોકે=વઢે છે, કડવા વેણ કાઢે છે
તરછોડે છે=ખંખેરે છે, ઉડાડે છે
ચાંગળું=કોળીઓ
બડુકા=સબડકા
અસભ્ય=અાવવેક
ઉદ્વેગ=દુઃખ, શોક
અકરાંતીઆ=અધીરા
વારી=વખત
અદેખાઇ=ઇર્ષા
મુકરર કરેલ=ઠરાવેલ
લલુતા=લોભ, આશા
હલકો=ઝટ પચે એવો

પાઠ ૬૪ મો.

એંજીન=ગાડી ચલાવનાર વરાળનો સંચો
કુદરતી=એની મેળે ઉત્પન્ન થયેલી
સમાર થાય છે=તૂટો પુરો પડે છે
તત્વ=કસદાર પદાર્થ
સ્નિગ્ધ=તેલ જેવું ચીકણું
સિંધવ=ખાણમાંથી નીકળતું મીઠું
દુરસ્ત=સમા
દ્રવ=પ્રવાહી
પૂર્ણ=પૂરેપૂરો
પુષ્ટિકારક=મજબુતી આપનાર
પોટાશ=વનસ્પિતિની રાખમાંથી કાઢેલો એક જાતનો ખાર
માંસાહારી=માંસ ખાનારા
વનસ્પતિજન્ય=વનસ્પતિમાંથી પેદા થતા પદાર્થ
કંદમુળ=શુરણ, સકરીઆં વિગેરે

પાઠ ૬૫. મો

ટકા=સોમો ભાગ
પાંચ ટકા=સો ભાગે પાંચ ભાગ
થુલું=લોટને ઝીણે હવાલે ચાળતાં ચાળણ રહે તે ભુંસું
અપચો=પચે નહિ તેવું
ખુટતું=બાકી
જઠરાગ્નિ=જઠરમાં જે અગ્નિ છે તે જેના વડે પચે છે તે
જ્ઞાનતંતુ=સમજણના તાંતણાં
ક્રિયા=કામ
કોકો=તાડનાં બીને ખાંડીને કરે છે તે
રગો=નસો
તેજી=શક્તિ

પાઠ ૬૬ મો.

ખાસ કરીને=ઘણું કરીને
ચમત્કારી=નવાઇ જેવી
આકડાનું ડોડવું=આકોલીયું
તૂર=આકોલીયાનું હીર
નરમો=દેવ કપાસ
સાકા=તાંતણાં
આકર્શાય=ખેંચાય
અધાર=ચરક, મળ
વેરાન=ઉજડ
કાળે કરીને=વખત જતા
સૂક્ષ્મ=ઝીણાં, બારીક
નરી=એકલી
યુક્તિ=કળા
અજાયબતરેહ=ઘણીજ નવાઇ જેવી
કુટાં કે વરડાં=કોટા કે કણગા
જીવંતભાગ=બીજાંકુર

પાઠ ૬૭ મો.

દ્વિદળ=બે ફાડું વાળા
બોચાદાળ=લચકોદાળ
ઉપયોગ=વાપર
અધરા=ભારે
પુર્વીઆ=હિન્દની પુર્વ ભાગના લોકો અથવા હિન્દુસ્તાની ભઇયા
ધમધમાટ=સારી પેઠે વધારીને મીઠું મરચું નાખેલી
મોગરદાળ=છડીદાળ
અડદાળુ=અડદને બાજરીના લોટનો રોટલો
પુડા=પુડલા
વાની=ચીજ
વેઢમી=પુરણપોળી
બાદી=અપચો

પાઠ ૬૮ મો.

મેજ=ટેબલ
હીંગ=વધારણી
આદુ ને સુંઠ એ એક જ વસ્તુ છે આદુ સુકાઇ જાય ત્યારે સુંઠ કહેવાય છે
મરી=તીખાં
સામાન્ય=મેગું
રૂચિ=ઇચ્છા, ભાવ
મસાલેદાર=મસાલો નાખેલી
પાચનક્રિયા=પચાવવાનું કામ
ઔષધ=ઓસડ
ગરજ સારે છે=કામમાં આવે છે
સરદાર=ઉપરી
સબરસ=બધા રસનો ઉપરી, મીઠું
વજને=પ્રમાણમાં, માપસર
સરકો=બહુ ખાટો રસ

પાઠ ૬૯ મો.

તેજાના=ગરમ મસાલા
પ્રદીપ્ત=જાગૃત,ચંચળ, તાજી
ઉષ્ણતા=ગરમી
અંતરછાલ=અંદરની છાલ
મીનો=કેફ, નીસો
બંધકોશ=ઝાડાની કબજીઆત
સુવાસિત=સુગંધીદાર
મુખવાસ=જમ્યા પછી જે લેવાય છે તે
શીખંડ=દહીંનો બનાવે છે
વાળા=તાંતણાં
તીવ્ર=સખત
શ્રીમંત=તવંગર

પાઠ ૭૦ મો.

તળવાતાવવામાં=તળવા વગેરેમાં
દિવેલ=બળવાનું એરંડીયું
ચિકણું=ચિકટુ:
થીજી=જામી
કાબરી=કસુંબીના છોડ ઉપર થતા બીજ
ડોળીયું=મહુડાના ફળ માંથી જે તેલ કાઢે છે તે
રોશની=રાત્રે દીવાની શોભા
ધુપેલ=પાકેલું પાકું તેલ,
ફુલેલ=સુગંધીદાર તેલ અત્તર
ગ્રહણ કરે છે=પકડે છે
ચતુર=હોંશીયાર
જુલાબ=રેચ
વેહ=છિદ્ર

પાઠ ૭૧ મો.

ફેરીયા=ગામમાં ફરીને માલ વેચનારા
ખરીદકરી=વેચાતીલીધી

ચીડ=કંટાળા, અણગમા
નફો=ફાયદો
એકવાર=એક વખત
ગુમાવે=ખુએ
કોહેલો=સડેલો
અણછુટકે=કાંઇ ઉપાય
ન હોય ત્યારે
પાલવે=ગોઠે
શરમ=લાજ
જથાબંધ=વધારે
મોસમ=રૂતુટાણે
ગોટાળો=ગરબડ
કાળજી=લક્ષ, ધ્યાન
દેખાવડો=શોભીતો

પાઠ ૭૨ મો

પરગામો=બીજા ગામના
સ્થિતિ=હાલત
કુટુંબ=છોકરાં છૈયાં
વગેરે પરિવાર
કમાણી=આવક
ઇરાદો=વિચાર
અયોગ્ય=રહેવા
લાયક નહિ
સમાસ=સગવડ
વિટંબણા=હેરાન ગતિ,
દુઃખ
ગોખવાથી=પુરવાથી
તંદુરસ્તી=આરોગ્યતા
તબીયત
શરદી=ભેજ
વગ=સગવડ
ઉભરણી=ભોંય તળીયું
દક્ષીણદ્વારૂં=દખણાદા
બારનું
નખેદ=નઠારૂં
વાછટ=વરસાદનાઝાપટા
વિશાળ=મોટું
ખંડ=હોલ, ઓરડા
આવજા=આવવું ને જવું
છજા=વાછટીમાં
સોઇ=સગવડ
તબેલા=ઘોડાને બાંધ-
વાની જગ્યા
અલગ=છેટા
સંડાશ=જાજરૂ,
પાયખાનું
નીકો=ગટરો
પ્રવેશ કરે છે=ભોંયમાં
મરીને ઝરણા વાટે
આવે છે.
મોખરે=આગલાભાગમાં
ભયંકર=બીકવાળા,
મોટાં
ધાસ્તી=બીક

પાઠ ૭૩ મો.

નજીક=પાસે
ટાંકું=પાણી સંઘરી
રાખવાને માટે બાંધે-
લો છોબંધ ઉંડો ભાગ
ધુણી=ચુલો, ભઠી
ત્રાસ=જુલમ
છોબંધ=ચુનાવાળું
લીપણ=ગોરમટીની
અખોટ=ચોકો[ગારનું
આગમણી=આવગણ
ધોળાવવી=ચુનો કે ખડી
વગેરેથી ધોળ કરવું
છાંટીરાખવો=ઓલવવો
આડકરવી=આડું
ઓથું કરવું
ઝમે=ટપકે
પચતું=મરતું
મહેરાબ=કમાન,
પેડલી જેવો બહાર
નીકળતો ભાગ
ખમણાં=ખાનાં
માંજી=સાફ કરી
પોરા=ઝીણાં જીવડાં
ઘટ=ઘાટું
કીડીઆળા=ખમણા
જેવાં માટીના થાય
છે તે

લાદી=ઘડીને તૈયાર કરેલો ચોરસ પાતળો પત્થર

પાઠ ૭૪ મો.

બાંડીઉં=શોભા વિનાનું
અનુભવ=મહાવરો
ચાહીએ=ઇચ્છીએ
ઘરવખરી=રાચરચીલું
સુચના=બાબત
કાર્યસરસે=કામપાર
પ્રશ્ન=સ્વાલ [પડશે
કરકસર=આવડ તેવડ
ઘરમાંડવું=ઘરમાં નવેસરથી વાસ કરવો
નિરૂપયોગી=નકામી
તકલાદી=દેખાવમાં સારીપણ નાશથતાં જરાવાર ન લાગે એવી ચીજ
માથેમારે=પરાણે વહોરાવે
સંપડાવાની=લેવાની
ગુંજાશ=શકિત
ઢબ=રીત
બિછાનું=પાથરણું
ગલેફ=કવર, ખોળીયું

પાઠ ૭૫ મો.

ઘડો=દાખલો
અનુકરણ=એકના જેવું બીજું કરવું તે
વલણ=મરજી, રૂચિ, વૃતિ
ઘીચોઘીચ=પાસે પાસે
આયના=તકતા
અગુંછા=ટુવાલ
મચ્છરદાની=મચ્છર અટકાવવા પલંગ ઉપર જે લુગડું રાખે છે તે
છપર પલંગ=મચ્છરદાનીવાળો પલંગ
આછા=પાંખા,
બારીક=ઝીણા
રજાઇ=ઓઢવાનું રૂનું ભરેલું પાતળું ગોદડું
ઇજા=હરકત
જીંદગી=જીવતર
પૂર્ણ=પુરેપુરી
આશાએશ=સાહબી
એલાયદી=જુદી
ઓશિયાળા=લાચાર

પાઠ ૭૬ મો.

પરસાળ=ઓસરી આગળનો ભાગ
મધ્યમ=સાધારણ
છાછરા=બહુ ઉંડા નહિ તે
ચોકી=ચોકના મધ્યમાં મુકેલો ઉંચો ચોરસ ઓટો
રવેશ=ઝરૂખો
નીકો=ધોરીઓ
પસરે છે=ફેલાય છે
સુઘડ=સુંદર, સારી
ધંધુડા=દરેડા
મરામત=સુધારો
ચર્ચા=ઘરની વાતો, હકીકત, ચેષ્ટા
માઝા=અદબ, આબરૂ
અવશ્ય=જરૂર
ત્રાસદાયક=કંટાળો આપનારી
બેચેની=દીલગીરી, દુઃખ
દુરસ્તી=સુધારો
જળપાત્ર=પાણીનું વાસણ

પાઠ ૭૭ મો.

કસ્બો=મોહ્લો
ભારે=એકદમ ન પચે તે
ગફલત=બે કાળજી,ભૂલ
અવરજવર=વારાફરતી
છાએલું=ચુનો દીધેલ
સ્પર્શ=અટકવું અસર
અધખોલું=અર્ધું ઉઘાડું

મઘા નક્ષત્ર=૨૭નક્ષત્રછે તેમાં મઘા નક્ષત્ર ભાદરવા મહીનામાં આવે છે. પૃથ્વીની આસપાસ ચંદ્ર જે માર્ગમાં ફરે છે તે માર્ગના ૨૭ ભાગ તેજ નક્ષત્ર

ઝરણ=ઝરણાં

દટણ બાજરૂ=દબાઇ ગયેલ ઉકરડા

ગલીચી=ગંદકી

પોલાણ=પોલકાર

પાઠ ૭૮ મો.

દેખરેખ=તપાસ

ટગરટગર=એકી નજરે

સેરા=પાણીની ઝીણી ધાર

સવેળા=વહેલાં

જોતે=આંચે, બળતી દીવેટ પર

વેહ=છિદ્ર

ઠર્યું=શોભ્યું

સપાટી=સરખી ઉંચાઇ લેવલ

મથે છે=મહેનત કરે છે

પાઠ ૭૯ મો.

દેવકી ઉનાઇ=સુરત જીલ્લામાં ગામ છે

ખીણ=બે ટેકરા વચ્ચે નો ભાગ

સમાવણ=ઉના પાણી માં જોઇતું ટાઢા પાણીનું મિશ્રણ

સહેતું=ખમી શકાય એવું

અટકળ=વિચાર,આશરા

સંયોગ=મેળાપ

સહેજ=જરા

ચીણગરી=વાટ, જા-મગરી

આગવું=મારા થકું જ, મારૂં જ

આઇસલાંડ=બરફની જમીન

પાઠ ૮૦ મો.

જંતુ=જીવડાં

યાદ હશે=સાંભરતું હશે

રૂપાંતર=એક રૂપબદલી બીજું રૂપ ધારણ કરવું તે

ખોળીયા=શરીર

જીંદગી=જીવતર

અનુસરી=મળતા આવી

સંજોગો=કારણો,કામો

ટકી=નભી

સેવાય છે=મોટાં થાય છે

પુષ્ટ=જબરી

ખાલ=ચામડી

છિદ્ર=કાણાં

બારીક=ઝીણો

સોહામણાં=સુંદર

તદન=સાવ

કોશેટા=ખારેક જેવડી ગોટી

બેડોળ=ઘાટ વિનાનું

અનુકુળ=માફક

પરિપુર્ણ=પુરેપુરી

કવિતાની સમજુતી.

પાઠ ૪ થો.

સખી=સાહેલી બેનપણી
સંપજંપી=સંપથી નિરાંત કરી
સાંખીએ=સહન કરીએ
ક્લેશ=કજીઓ
લેશ=જરાપણ
હૃદે=હૃદયમાં, મનમાં
વેણ=વચન
દાસ=સેવક, ચાકર
હુંકારે=તોછડાઇથી બોલાવવું તે
સંગતે ચઢે=સંગતે ચાલે
બોધ=શિખામણ
વિરોધ=કજીઓ, અણબનાવ
લાખેલેખાં=ઘણોજ
લેખો=ગણો
પગવાટ=શેરડો, શાહ માર્ગ નહિ તે
બુરાં=નઠારાં
તુચ્છ=હલકો
વ્યર્થ=ફોકટ
ખેલીએ=રમીએ
જાડી=તોછડી, અશુદ્ધ
ભાખીએ=બોલીએ
આગ=આગ્ન, ગરમ વસ્તુ
ઉંડીઆપદા=મોટું દુઃખ
હરબડી=ગભરાઇ
જ્ઞાનદાતા=જ્ઞાન આપનાર ગુરૂ
પાનીએ=પગનીપાનીએ, સ્ત્રીની બુદ્ધિ પાનીએ છે એમ કહેવાય છે કારણ કે સ્ત્રી આભુષણ ધારણ કરી પાની સામું જુએ છે
સુરત=ધ્યાન, યાદદાસ્ત
લાજ=આબરૂ
કાજ=કામ
દોષ=ગુન્હો, વાંક

ભાવાર્થ—હે બેનો ! જો તમારે સંસારમાં સંપી જંપીને સુખી થવું હોય તો હું શીખવું તે ડહાપણ શીખો. (૧) સાસુ અને સસરો જે કહે તે સર્વ સહન કરવું ને મનમાં જરા પણ ક્લેશ નહિ રાખવો. (૨) મોઢેથી મીઠાં વચન બોલીએ પણ કોઇ દિવસ ખોટાં વચન બોલવાં નહિ. (૩) આપણા ચાકર કે સેવક જે હોય તેને પણ માન દેવું (કેમકે કહેવત છે કે જેવાં બોલીએ તેવા દીસીએ) પણ કોઈ દિવસ કોઇને હુંકારો

કે હુંકારો ન કરવો. (૪) આપણી સોબતે ચાલે તેને શિખામણ આપીને સુધારવું પણ અણબનાવ વધારવો નહિ (૫) તમે જરૂર તમારા કામકાજમાં ચિત્ત લગાડજો. ને આબરૂમાં ઘણોજ લાભ છે એમ ગણજો (;) છેક છાનો પગ રસ્તો એટલે ચોર માર્ગ કહેવાતો હોય કે જે માગે ચાલવાથી બીજાઓને વહેમ પડે તેવે માર્ગે ન પેસવું તથા નઠારા ગુણ વાળાં જે કુભાંડી જેવાં હોય તેની પાસે બેસવું નહિ (૭) વખતને હલકો ગણી તેને ફોકટ ગુમાવવો નહિ. પણ તેવા વખતમાં ભરત, ચિત્રકામ તથા ચોપડી સંભારવી (૮) ખોટી થઇને કોઇ ઠેકાણે નકામાં રઝળવું નહિ અને મેલા રહેવાની તથા ગાંડા જેવાં રહેવાની ટેવ છોડી દેવી (૯) સારી રીતે પોતાનાં ઘરબાર સાફ સુફ રાખવાં ને અશુદ્ધ તથા આડી ભાષા બોલવી નહિ (૧૦) ક્રોધી માણસની સામે ક્રોધી થવું નહિ. અને આગ દેખીને આપણે પાણી થવું (તો આગ ઓલવાઇ જશે) (૧૧) જ્યારે મોટું દુઃખ આવી પડે ત્યારે ધીરજ રાખવી. પણ મનમાં ગભરાઇ જઇને હીંમત છોડી દેવી નહિં (૧૨) જ્ઞાન આપનાર જે ગુરૂ અથવા મહેતાજી તેને માતા ને પિતા માનજો. ને બુદ્ધિ પાનીયે રાખવી નહિ. (૧૩) આડી ચુગલીમાં મન લગાડવું નહિ. ને ઘણું ખરચવાની જે બુરી ટેવ છે તે ઓછી કરવી (કેમકે ઉપજના પ્રમાણમાં ખર્ચ રાખવું જે ઉપજ કરતાં વધારે ખર્ચ કરે છે તે સદા દુઃખી રહે છે) (૧૪) આપણું સારૂં થવાને માટે આગળથી ધ્યાન રાખવું. ને હે બેનો ! પાણી પહેલાં પાળ બાંધવી. (૧૫) દુનિયામાં જેમાં આબરૂ વધે તેવાં કામો આજે કરો ને સદા સંતોષ રાખી વાંક કરતાં બીઓ. (૧૬)

પાઠ ૭ મો પ્રભુ પ્રાર્થના

ગહન=કળી શકાય નહિ તેવી
તાહરી=તારી
ગતિ=શક્તિ
પાર=છેડો
અકળ=કળાય નહિ તે
કળા=હિકમત
પુરણપ્રીતે=પુરી પ્રીતથી
ધારી=ધાવી
દીલ=મન
માફી આપે=ક્ષમા કરે
કરૂણાનિધિ=મહેરબાનીના ભંડાર, ઇશ્વર
કષ્ટ=દુઃખ
કોટી=કરોડો
ચિંતા=ફિકર
સૃષ્ટીની=દુનિયાની
પ્રાણી=જીવ
પોષવું=પોષણ કરવું

કણ=દાણો
ઉપજાવે=પેદા કરે
અનેક=ઘણી
અમાપ=ઘણા
માપે=માપ કરે
રચના=બનાવટ
રચી=બનાવી
રૂડી=સારી
ચિત્ત=મન
અવલોકતાં=નિહાળી જોતાં
ઉંડાઉતરી=ઘણો વિચાર કરી
વૃતિ=વલણ
વિરામે=વિસામો પામે
અજબ=નવાઇ જેવા
અલૌકિક=આ લોકમાં ન હોય તેવા વિચીત્ર
લેખી=ગણી

પેખો=જોઇ
પ્રૌઢ=મોટા
કીધા=કર્યાં
અંગમાં=શરીરમાં
કર્તા=બનાવનાર
મહાશક્તિ=મોટીશક્તિ
પાળક=પાળનાર
તારણ=તારનાર
વિશ્વ=દુનિયા
ઘટ—શરીર
પેખો=જુઓ
વશ=તાબે
ભક્તવત્સલ=ભક્ત ઉપર માયા રાખનાર
ભક્તિ=સેવા
ભાવથી=પ્રીતીથી, હોંસથી
ઉર=મન
ઇચ્છા=વિચાર, સંકલ્પ

ભાવાર્થ—હે પ્રભુ! તારી શક્તિ કળાય નહિ એવી છે. તો તેનો પાર હું શી રીતે પામું? તારી કળા અકળ છે એટલુંજ જાણી તને હું પુરી રીતે હોંશથી ભજું. હે પ્રભુ! તારી શક્તિ કળાય નહિ એવી છે. (૧)

મનમાં ઘણી દયા લાવીને મને તું પાપની માફી આપ ને હે દયાના ભંડાર મારાં કરોડો જાતનાં દુઃખ છે તે તું કાપ. હે પ્રભુ. (૨)

દરેક જીવનું પોષણ કરવાની એમ તને બધી દુનિયાની ફિકર છે. વળી કીડીને કણ ને હાથીને મણ એમ અન્ન આપવાની પણ ફિકર છે. હે પ્રભુ ! (૩)

તું સુખ આપવાને માટે ઘણી વસ્તુઓ પેદા કરે છે. માટે તારા એ ઉપકારો માપી શકાય એવા નથી, તો તને મારૂં મન શું આપે ? હે પભુ. (૪)

તેં સારી રીતે એવી ગોઠવણ બનાવી છે કે તેથી મારૂં મન આનંદ પામે છે. ને ઘણો વિચાર કરી નીહાળી જોઉં છું તો મારૂં મન તેમાં સંતોષ પામે છે. હે પ્રભુ. (૫)

મોટા પહાડો, નદી, દરીયા, તથા ઝાઝાં જંગલ ને ઝાડો જોઇને એ બધા અલૌકિક ને નવાઇ જેવા છે. એમ ગણીને. હે પ્રભુ ! (૬)

આ પૃથ્વી કરતાં પણ ઘણી મોટી પૃથ્વીઓ તથા કરોડો સુર્ય; તેં કર્યા છે ને આકાશે તે બધાંને પોતાનાં શરીરમાં કેવા સમાવી દીધાં છે. હે પ્રભુ. (૭)

એ સર્વ પદાર્થનો કર્તા કેવો છે ને કેવી મોટી મોટી શક્તિ ધરાવે છે. તે સર્વનો પાળનાર છે ને તારનાર છે ને રૂડાં કામ કરાવે છે. હે પ્રભુ. (૮)

એ ઇશ્વર સર્વ દુનીયામાં વ્યાપી રહ્યો છે. ને શરીરમાં પણ છે તે તમે જુઓ. વળી એ પ્રાણીઓ (પ્રભુ) આપણી પાસે પણ રહ્યા છે. પણ તેને તમે નજરે જોઇ શકતા નથી. હે પ્રભુ. (૯)

એ ભક્ત ઉપર માયા રાખનાર મહા પ્રભુ પ્રેમને તાબે

છે તેની હું ભક્તિ હેતથી કરું એ જ મારા મનમાં ઇચ્છા છે. હે પ્રભુ. [૧૦]

પાઠ ૧૭મો સ્વદેશ પ્રીતિ

ભારતભુમી=હિંદુસ્થાની જમીન	વૈભવી=મોજશોખી	વૃથા=ફોકટ
રેતો=રહેતો	રાજવી=રાજાના જેવો	સ્વદેશાભિમાની=પોતાના દેશનું અભિમાન ધરીને કરેલાં
ભોમ=જમીન	તથાપિ=તોપણ	વિદેશ=બીજા દેશમાં
પ્રાણથી=જીવથી	પ્રમાણે=રીતે	કાળ=વખત
નિત્ય=હમેશાં	સ્વદેશી=પોતાના દેશનો	ભાગ્યશાળી=નસીબદાર
પ્યારી=વ્હાલી	વડો=મોટો	વિયોગી=છુટાં પડેલાં
મુજી=બેવકુફ	કલ્યાણમાં=સારૂં થવાનું	ભાવે=હોંશે
દાઝ=લાગણી	ભેખે=ગણે	ભેટી=મળી
શુષ્ક=સુકું	પેખે=જુએ	નાવે=ન આવે
વજ્ર=કઠણ	વિદ્વતા=વિદ્યા	

ભાવાર્થ—હિંદુસ્તાનની સારી જમીનમાં રોજ રહું છું, મારો દેશ સારો છે, મારી ભોમી પણ સારી છે એમ કોઈ બિચારો હશે તે નહિ કહેતો હોય. [૧]

જેને દેશની લાગણી જરાએ નથી. તથા જેનું મન સુકું, અને વજ્રના જેવું કઠણ રહે છે, એવો કોઇ બેવકુફ આ પૃથ્વીને ભારે મારતો હશે અને કેમ જાણે એને કાંઇ લેવું દેવું ન હોય. [૨]

કદાપિ તે ઘણો પૈસાવાળો હશે તથા મોટો વૈભવી ને રાજાના જેવો રૂપાળો હશે તો પણ તેને વિવેકી માણસો વખાણશે નહિ. કેમકે તે પોતાનું પેટ કાગડા ને કીડા પ્રમાણે ભરે છે. [૩]

દેશી માણસનાં દુઃખ મટાડે. હજારો માણસોને જે હંમેશાં પાળે, વળી લોકનું ;સારૂં થવામાં લાભ છે એમ ગણે તેજ મોટો સ્વદેશી. એને પૂરેપૂરા હેતથી કોણ ન જુએ ? (૪)

જેણે દેશની લાગણીમાં વિદ્યા વાપરી નથી. તથા લોકોને માટે એક પાઈ પણ વાપરી નથી, તથા પોતાનાં દેશનાં અભિમાનનાં કામ કર્યાં નથી. તેણે ફોગટ જન્મ ખોયો, પણ કાંઈ કમાણી કરી નહિ. (૫)

બીજા દેશમાં ઘણો વખત રહીને જે સ્વદેશ ગયો તે મોટો નસીબદાર. છુટાં પડેલાં સગાંને અને ભૂમિને હોંશથી મળ્યો તો કહો કે કોને હર્ષના આંસુ ન આવે ? (૬)

પાઠ ૧૨ માનું અનુસંધાન.

ફાવે તેવાં=મરજીમાં આવે તેવાં	ભ્રમ=ભૂલાવો
ડગ=ડગલું	ફટફટ=ધિક્કાર
ભલેભલે=વાહ વાહ	જશ=આબરૂ

ભાવાર્થ—પોતાની મરજીમાં આવે એવાં ખરચ કરીને ફુલણજી થઈને બહુ ફુલે છે. એમ મોટો ફાળો ભરતાં (ઉપજ કરતાં વધારે ખર્ચ કરતાં) બીતા નથી. (આંચકો ખાતા નથી) ને પછી દેવામાં ડુબી જાય છે. લોકો તે વેળા પ્રથમ તો વાહ વાહ એમ બોલે છે તેથી તે ફુલણજી ભૂલાવામાં પડી ભૂલી જાય છે. પણ પાછળથી તેને માથે ફિટકાર પડે છે માટે કહો કે તે આબરૂમાં શું લઈ જાય છે ? મતલબ કે કાંઇ નહિ.

પાઠ ૧૪ મો માની શિખામણ

સમજુ=ડાહી
બાળકી=છોડી
માડીનું=માનું
ધ્યાનમાં ધરે=અંતર ઉતારે
શ્વસુરપક્ષમાં=સાસરીયાના સગાવહાલામાં
લાજ=આબરૂ
કસુર=ભુલ
વેરવી=દુશમન
હેતુ=વાલેશરી
વિખ=ઝેર
સુધા=અમૃત
મીઠડાં=મીઠાં
સરવસાથ=બધાની સાથે
ભળી=હળીમળીને
ગરવ=અહંકાર

ટાળી=નાશ કરી
ગળીજઇ=નરમથઇજઇ
સરસ=સારો
વાધશે=વધશે બુદ્ધિ)
કળી=કળિયુગ, (નઠારી
પરઘરે=પારકે ઘેર
ઘરતણી=ઘરની
કથા=વાત
કહીં=કોઇપણ ઠેકાણે
કુથલી=ખોદણી
શું થોડું=થોડું કશું.જરા
અદબમાં=આબરૂમાં
વડીલ=મોટાં
વૃદ્ધ=ઘરડાં
હઠ=જક, મમત
રૂશણાં=રીસાઇ જવું તે
દુભવું=દુઃખ દેવું

ઉપડતે સ્વરે=વધારે પડતું બોલવાથી
વા'લ=વહાલ, હેત
સધે=થાય
રખડતે મને=ઉંચે મનથી
નવરહીશ=રહીશ નહીં
અસુર=મોડા
ના જવું=જવું નહીં
આકળા=ગભરાઇગયેલા
હસમુખા=હસતા મુખ વાળાં
કલેશ=કજીઓ
અધમ=નીચ
વેગળાં=છેટાં
રાચવું=રાજી થવું
સહી=નક્કી

ભાવાર્થ—અહી દીકરી સાસરે જાય છે તે પોતાની માતાનું વચન મનમાં ઉતારે છે. માતા કહે કે સાસરામાં લાજથી રહેવું ને કોઈ કામમાં ગુન્હો કરવો નહિ. (૧)

એ વચન એવાં છે કે તેથી આપણા ઘણા દુશ્મનો વધે છે. ને વળી કોઇ વચન એવાં છે કે તેથી ઘણા માણસો આપણા વાલેસરી થાય છે. (માટે વિચારીને વેણ બોલવું કેમકે જીભથી સારાં વચન પણ બોલાય છે ને નઠારાં વચન પણ

બોલાય છે) માટે આ મોઢામાં ઝેર રહ્યું છે તેમ અમૃત પણ મોઢામાં જ રહ્યું છે. માટે એમ છે તો હે બેન અમૃત જેવાં મીઠાં વચન જ બોલજે. (૨)

તું બધાની સાથે અહંકાર ટાળી દઇ લીંબુના પાણીની પેઠે ગળી જઇને મળીને ચાલજે તો સારો સંપ વધશે ને કળિયુગ પણ દુઃખ ભાળશે નહિ. (૩)

પારકે ઘેર બહુ બેસવું નહિ તથા ઘરની વાત કોઇ પણ ઠેકાણે ઉઘાડી કરવી નહિ. જો બીજાની ખોદણી મોઢેથી કીધી તો એ દુઃખથી ઘણા દુશ્મનો થશે. (૪)

દીયર ને જેઠની સાથે થોડું થોડું બોલવું ને મર્યાદામાં રહીને હંમેશાં ચાલવું તથા મોટાની અને ઘરડાની ચાકરી કરીને તું ખરેખરી પરમેશ્વરની પ્રીતિ મેળવજે. (૫)

હઠ કરીને કાંઇ માગવું નહિ, તથા રીસાઇને કોઇને દુઃખ દેવું નહિ. ઉપડતે સાદે બોલવાથી હેત વધતું નથી ને રઝળતા અને ફરવાથી કામ પાર પડતું નથી. (૬)

જો તને વખત મળે તો કાંઇક વાંચજે પણ બેન ! તું આળસુ રહીશ નહિ. અસુર વેળાએ તથા સાંઝે એકલા જવું નહિ તથા અતિશે આકળાઇ ક્રોધી પણ થવું નહિ. (૭)

હસમુખા રહેવાથી પ્રેમ વધે છે તથા કુટુંબનો કજીઓ કંકાસ નાશ પામે છે. નીચ એવું જે પાપ તેનાથી છેટા રહી ભજન અને ભક્તિમાં નક્કી રાજી થવું. (૮)

પાઠ ૧૮ મો. જશોદાનો વિલાપ

માણકડું=માણકરૂપ અથવા રત્નરૂપ શ્રી કૃષ્ણ
અપરાધન=ગુનેગાર
ઝંપલાવ્યું=પડતું મુક્યું.
કાલિંદી=જમના નદીનો એક ઝરો
વસે=રહે
કાળી=કાળી નાગ
વનમાળી=કૃષ્ણ
સંતાન રૂપી=છોકરા જેવું.
નવ જાણ્યું=ન જાણ્યું
જતન=રક્ષણ
પુત્ર પામી હું=મને પુત્ર સાંપડ્યો.
છેલ્લે આશ્રમે=વૃદ્ધાવસ્થામાં
ઉછેરીઓ=મોટો કર્યો

પ્રતિપાળી=હંમેશાં પાળીને
નીપજ્યો=ઉપજ્યો, ઉછરી* આવેલો
વિજોગ=જુદાઈ
પાયે=પગમાં
શિર=માથું
ધારી=ધારણ કરી
ફરી=હવે બીજીવાર
સુત=દીકરો
ગાચારી=ગાયો ચારી
ભૂખ્યો છીં=ભૂખ્યો છું
પીત=પીળી
કાછ=કછોટો
કસે=તાણીને બાંધે
મુજકને=મારી પાસે
નેતરૂં=રવૈયાને બાંધેલ દોરડું
વલોવાલાગે=વલોવા માંડે
વાસો=રહેઠાણ

સગપણ=સંબંધ, સગાઈ
વહાલ—હેત
હૈડું=છાતી
કાષ્ટ=લાકડું
પેં=કરતાં
પાશાણ=પાણો
વજ્ર=કઠણમાં કઠણ ધાતુ
તુલ્ય=સરખું
મખાતર=બહાનું
અનુખળો=ખાંડણીઓ
બંધન=બાંધેલ હોય તે
નંદ=કૃષ્ણના પિતા
જસોદા=કૃષ્ણની માતા
વ્યાકુળ=બહાવરી, ગભરાયેલી
હળધર=હળને ધારણ કરનાર કૃષ્ણના મોટા ભાઈ બળદેવજી
વારીરાખે=અટકાવે

ભાવાર્થ—મારૂં માણેકરૂપી રત્ન (દીકરો) રીસાયું. રે સામળીઆ (કૃષ્ણ) તારા મનમાં એ શું આવ્યું. મને ગુનેગાર માતાને મુકીને શા માટે પાણીમાં તેં પડતું મુક્યું. રે સામળીયા મારૂં માણકડું રીસાણું. (૧)

જમના નદીનું પાણી કાળું છે. (તે પાણી બહુ ઉંડુ હોવાથી કાળું દેખાય છે.) ને તેમાં કાળો કાળીનાગ રહે છે. તો હવે એને મળવાની આશા શી. રે સામળીયા. (૨)

છોકરા રૂપી મોટું ધન તે દૈવે લુંટી લીધું. મેં એને રક્ષણ કરીને જાળવી જાણ્યું નહિ. હાય તે રત્ન કેમ છુટી પડયું. રે સામળીયા. (૩)

હું ઘડપણમાં પુત્ર પામી. તેને મેં પાળી પોષીને મોટો કર્યો. ઉછરી આવેલો રસ (પુત્ર) ઢળી ગયો મતલબ કે પુત્ર મોટો થયો ને ઝરામાં ઝપલાવ્યો ને હું એટલે મને વિજોગના અગ્નિ વડે બાળી. રે સામળીયા. (૪)

જેના નાકમાં મોતી છે, ને પગે ઘુઘરી છે, ને માથા ઉપર જેણે મોર મુગટ ધારણ કરેલો છે, એવો મારો દીકરો ગાયો ચારીને આવે એવું રૂપ હું હવે ફરીથી ક્યાંથી દેખું ! રે સામળીયા. (૫)

જેનાં કાનમાં કુંડળ છે. ને મોઢામાં મોરલી છે. તેવા કુંવર (કૃષ્ણ) સજિ ગોકુળમાં આવે ત્યારે ભૂખ્યો છું એમ કહી મને પેટ બતાવે તથા મને "માડી માડી" એમ કહી બોલાવે રે સામળીયા. (૬)

પીળી પછેડી ઓઢે તથા કછોટો તાણીને બાંધે ને મારી પાસે આવી નેતરૂં માગે, એમ મને ઘરડી માને થાકેલી જાણીને હવે કોણ વલોવા લાગશે, રે સામળીયા. (૭)

હે પુત્ર ! તેં ઉંડા પાણીમાં રહેઠાણ કીધું. પણ તને પાણીમાં કેમ ગમશે ? ને હવે મોર, પોપટ, પુતળી વગેરે તારે રમકડે કોણ રમશે ! રે સામળીઆ. (૮)

હે પુત્ર ! તું ગયો ને હું જીવું છું. તે શું ઓછું સગપણ માટે ? પણ સાચું હેત તો ક્યાં જણાય કે સાંભળતા હૈયું ફાટે માટે હે સામળીયા. (૯)

લાકડા કરતાં પાણો કઠણ છે ને પાણા કરતાં પણ લોઢું કઠણ છે. ને તેમાં પણ કઠણ વજ્ર છે તે વજ્ર સમાન મારૂં કઠણ કાળજું છે. હવે હું શું મોઢું દેખાડું રે સામળીયા. (૧૦)

મનમાં કાંઇક દુઃખ આવ્યું તેથી તેં દડાનું બહાનું કાઢ્યું શું તને ખાંડણીઆનું બંધન આજે સાંભરી આવ્યું તેથી તેં પડતું મુક્યું. રે સામળીયા. (૧૧)

નંદ, જશોદામાતા તથા ગામના ગોવાળીઆને વ્રજની સર્વે ઓઓ આકુળ વ્યાકુળ બની ગયાં છે. ને પડવાને તૈયાર થઇ ગયાં છે. તેને બળદેવજી વારી રાખે છે ને કહે છે કે ચાર ઘડી પછી સર્વે પડજો. રે સામળીયા. (૧૨)

નોટ—આ બીના ભાગવતમાંથી લીધેલી છે. એમાં મુળ એવી કથા છે કે કૃષ્ણ પરમાત્મા ગોવાળીઆ સાથે ગેડી દડે રમતા હતા, તેમાં દડો અચાનક જમના નદીના કાળીંદીના ધરામાં પડ્યો તેને કાઢવા કદમવૃક્ષ ઉપર ચડી વનમાળીયે અંદર ભુસકો માર્યો. ને ઘણી વેળા થઇ તો પણ કૃષ્ણ બહાર નીકળ્યા નહિ. (કેમકે તે કાળીનાગને નાથવા ગયા હતા.)

તેથી ગોપગોવાળીયા બાવરા બની જઈ ગોકુલમાં દોડી ગયા ને જસોદા માતાને સર્વ બીના કહી તેથી જસોદા માતા. નંદપિતા ને સર્વ વૃજની નારીયો તે ઝરા પાસે આવી રૂદન કરવા લાગી. તેમાં પણ માતાના અત્યંત પ્રેમને લીધે જસોદાએ બહુ વિલાપ કર્યો ને છેવટે એ ઝરામાં પડવા પણ તૈયાર થયાં પણ એ સર્વેને બળદેવજીએ વારી રાખ્યાં ને કહ્યું કે ચાર ઘડી રાહ જુઓ પછી જેમ કરવું હોય તેમ કરજો. (કેમકે એ બધી કૃષ્ણ પરમાત્માએ લીલા કરી હતી તે બળદેવજીએ જાણી લીધી હતી.)

પાઠ ૨૧ મો ચંદ્રોદય

ચંદ્રોદય=ચંદ્રનું ઉગવું તે
શશી=ચંદ્ર
પૂરવદીશ=પૂર્વદીશામાં
આદિત્ય=સૂર્ય
મહારાય=મોટો રાજા
રૂપધારી=રૂપધારણ કરી; વેષ કાઢી
ઠગવા=છેતરવા
શશાંક=જેમાં સસલાનું ચિન્હ છે તે ચંદ્ર
નિરાધાર=આધાર વિનાનું
નિહાળ્યું=જોયું
બલુન=હવામાં ઉંચે ઉડતુ વિમાન
શશાંક=ચંદ્ર
છવાયું=પથરાયું
નૃપ=રાજા
જોરહીણા=ઓછા જોરવાળા
તીવ્રપણું=ચંચળાઇ, સર્પ ફુંફાડો
વિશ્વમાં=દુનિઆમાં
ભાખે=જાણે, ઓળખે
સ્રીમુખ તુલ્ય=સ્રીના મોઢા જેવો
શીતળતા=ઠંડી
ગભરાટ કાળે=અશાન્તિ વખતે
નૃપાળે=રાજાએ
અતિ=ઘણા
દૂર=છેટા
તથાપિ=તોપણ
દીસે=દેખાય
હજુર=પાસે, નજીક
શશિસૈન્ય=ચંદ્રમાનું લશ્કર
જન=માણસો
સૃષ્ટિધારો=દુનિયાનો કાયદો
કાળ=વખત
બલિષ્ટ=જબરો, સારે
રાજ્યપદે=રાજાની ગાદી ઉપર

ભાવાર્થ—જાણે મોટા રાજાનું રૂપધરી એટલે વેષ કાઢી પ્રજાને છેતરવા રબારી આવ્યો હોય તેમ આકાશમાં પૂર્વ દિશામાં જેવો સૂર્ય હોય તેવો ચંદ્રમા ઉગ્યો. (૧)

ચંદ્રનું તેજ જેમ ઉંચે ચડતું જાય છે. ત્યારે જેમ અધર બલુન ઉડયું જતું હોય તેમ ચંદ્રમા આધાર વિના ચાલતો જોવામાં આવે છે. (૨)

ચંદ્રમાનું તેજ બધે ફેલાઇ ગયું. તેથી જાણે હવે નવું રાજ્ય સ્થપાણું હોયની. ચંદ્ર રૂપી રાજાને જોઈ ઝીણા તારા બળહીન થઇ દેખાતા નથી. (૩)

જો જરાપણ ચંચળાઇ ન રાખે તો દુનીયામાં તે માણસને કોઇ ઓળખે નહિ. એવી રીતે ચંદ્રમા જરાપણ ગરમ અથવા ચંચળ નથી, તો પંડિતો તેને સ્રીના મોઢા જેવો કહે છે (૪)

જગતમાં જ્યાં જોઇએ ત્યાં ચંદ્રમાની શીતળ છાયા ફેલાઇ રહી છે. અને પ્રજાના ગભરાટ વખતે કોઇ રાજાએ શાન્તપણું જણાવ્યું હોય તેમ દેખાય છે (૫)

ચાંદરડા ચંદ્રમાંથી ઘણાજ છેટે છે. તો પણ તે ચંદ્રની પાસેજ હોય તેવા જણાય છે. ચંદ્રમાનું બધું લશ્કર સૂર્ય સાથે લડીને જીતવા આવ્યું હોય તેમ જણાય છે. (૬)

પણ અરે સૂર્ય ક્યાં અને ચંદ્ર ક્યાં (એટલે સૂર્ય પાસે ચંદ્ર શી ગણુતીમાં છે) પણ દુનિયાનો ધારો એવો છે કે સારો વખત આવે ત્યારે ગરીબને રાજા બનાવી દે છે. (૭)

પાઠ ૨૫ મો મેઘાડંબર

મેઘાડંબર=વરસાદનો આડંબર, વરસાદનું ચઢી આવવું તે
ભવ્ય=મોટો, ગંભીર
ઘને=વરસાદથી
નભમંડળ=આકાશ
ભૂમિ=જમીન
મરકત=એ એક રત્ન છે
શો ઘેરો=કેવા ઘેરા રંગનો
વર્ણ=રંગ
વૃક્ષઘટા=ઝાડની ઘટા
ગંભીરી=ઘટાબંધ, ઘાટી
તે મહીં=તેમાં
દ્વાર=બારણાં, દરવાજો
ખુબી=કળા
ધરી=ધારણકરી
તૃણ=ઘાસ ખડ
તૃણશુન્ય=ઘાસ વગર
તે પરે=તે ઉપર
સેર=ધાર
રેલી=વહી
ઘેરૂં=કાળું
ગર્જન=ગર્જના
ઘનઘેરૂં=કાળા વરસાદનું

ભાવાર્થ—આ મોટા આકાશને આડંબર રચી વરસાદે ઘેરી લીધું છે. હાંહાં ! વરસાદે ઘેર્યું છે પાણીનું આ ફીકું પીળું તેજ આકાશમાં પ્રસરી રહેલું છે. હાંહાંરે (૧)

લીલો અને સારી આ જમીનપર વાદળી વરસે છે. ને મરકત જેવો ઘેરો રંગ કેવો દેખાય છે. (૨)

અહીં ઝાડની ઘાટી ને ભિની ઘટા ઉભી છે ને તેમાં કોઈ કોઈ ઠેકાણે તો બારણાં જેવું બની રહ્યું છે ત્યાં કેવી ખુબી જણાય છે. હાંહાંરે (૩)

પેલી ઘાસ વગરની (બોડી) ટેકરીએ પીળાં વસ્ત્ર પહેર્યાં છે. હાંહાંરે. ને તેના પર ગાય ને ભેંસનો હારો કેવી ચાલી રહી છે. હાંહાંરે (૪)

પણે પેલા બીજા બારણાંમાંથી આકાશ કાળું દેખાય છે. હાંહાં. જો જો બેન સાંભળ આ વરસાદની ગર્જના થાય હાંહાંરે (૫)

પાઠ ૨૯ મો વડ અને તેની પાસેની શોભા

વડ=કબીરવડ	હળીએ=મળી જાય	સીમાડા=હદ
શોભા=દેખાવ	બેટીઓ=દીકરી ઝીણાં મૂળરૂપી	જળભરિત=પાણીથી ભરેલા
જાતી=જાત	જનુની=માતા	નિરમળું=ચોકખું
ન તે=તે નહિ	તરૂ=ઝાડ	હરઘડી=દરેક વખતે
નામી=પ્રખ્યાત	ભેટી=મળી	ઉલટથકી=હોંશથી
જગવિષે=જગતમાં	ઉછરે=મોટાં થાય	વિશરાંતી=વિસામો
પરંતુ=પણ	કદવાન=કદાવર	ખડ=ઘાસ
વૃક્ષો=ઝાડો	સ્તંભ=થાંભલો	જમી=ખાઈ
ઓળખ=ઓળખાણ	નગરે=નગર ઉપર	હવાડે=હવાડામાં
ફળદ્રુપ=રસાળ	મેરાબ=કમાન સરખી બજા ઉપર મૂકે છે તે	જળ=પાણી
ગુજરતણા=ગુજરાતના	વાટો=વાટ, રસ્તાઓ	ઘંટા=ઘંટડી
નિજભુજ=પોતાના ડાળો રૂપી હાથ	નાદ=અવાજ	સ્વરે=અવાજ સાંભળવાથી
પસારે છે=ફેલાવે છે	રૂંધાઈ=મુંઝાઇ	કાપે=ચાલે
જટા=વડવાઇ	ભાથું=ભાત, ખાવાનું	મજલને=પંથને
અસલ=પ્રથમના	ચોપાસે=ચારે તરફ.	

ભાવાર્થ—જેનાં ફળ દુનિયામાં બહુજ પ્રખ્યાત છે તે જાતનાં આ ઝાડ નથી. તો પણ આ ઝાડો કે જેની હિંદુઓને ઘણી ઓળખાણ છે. વળી જે આ વખતે ગુજરાતનાં સર્વ સારા રસાળ પ્રાંતમાં પોતાની લટકતી ભુજો (વડવાઇઓ) ફેલાવી રહ્યો છે. (૧)

ઘણાંજ લાંબા અને પહોળાં ડાળાં એમાંથી ફૂટી ને વીંટી વળે છે. ને જટા (વડવાઇઓ) પૃથ્વીના પડને ફોડીને અસલ

મૂળીયાંની સાથે મળી જાય છે. ને તેની નાની દીકરીયો તો માતા-રૂપ અસલનું ઝાડ તેને મળીને ઉછરે છે. અને નગર ઉપર જાણે એક કદાવર સ્તંભ ઉપર છાંયો દેખાય છે (મતલબ કે થડ એક કદાવર સ્તંભ છે તેના ઉપર ડાળાં પાંદડાં જેટલા ભાગમાં ફેલાયલાં છે તે સર્વ ઉપર છાંયો કરે છે) (૨)

તેની ઉંચી ઘટા ભેગી આવી જવાથી કમાન જેવી જણાય છે. ને વચ્ચે આવેલા રસ્તાઓ ખુશી થઇને ખડખડ અવાજ કરે છે. (મતલબ કે પાંદડાનો અવાજ સંભળાય છે) વળી ઘટાની અંદર અટકાઇને સારો સુવાસિત પવન ફેલાય છે. તેથી થાકેલા મુસાફરો સુખેથી ભાતું જમી તથા પાણી પીને જાય છે. (૩)

વળી એ ઝાડ પોતાની આજુબાજુમાં પીંપળ, વડ, આંબા વગેરે ઝાડોને વસાવે છે (તે પણ સાથે ઉગે છે) ને તેની અંદરના જે સોમાડા છે તેમાં ચોક્ખા પાણીના ખાડા ભરેલ છે. ને તે પશુ પક્ષીની હંમેશાંની તરસ મટાડે છે. વળી તે ખાડામાં ભેંસો હોંસભેર પડીને નાહે છે. (૪)

ગાડાં, ગાડી ત્યાં છુટે છે તેથી બધા બળધો વિસામો લે છે ને નિરાંતે ખડ ખાઇ હવાડે પાણી પીએ છે ને ઘંટડી ટંટં ટંટં થાય છે ને (ઘુઘરી) ઘણણ ઘણણ એવા અવાજ કરે છે. તે સાંભળવાથી બળદો બહુ ડોલતા ચાલે છે ને લાંબી મુસાફરી કરે છે.

પાઠ ૩૨ મો.

સ્વયંવર=ઇચ્છાવર, અમુક જાતનુ પણુ	લઇ વરવું તે સખી=બેનપણી	ભર્તાર=ધણી મંગળ=સારાંગીત

અધિક=વધારે
આચાર=વીધી, રીત ભાત
દર્પણ=આભલું, અરીસો
નીરખે=જુએ
હૈયે હરખે=મનમાં રાજી થાય
ભૂપ=રાજા
સીતાકેરે=સીતાને
કાજ=કામ
સંન્યાસી=બાવા
જપમાળા=જપ જપવાની માળા
ચિત્રામ=ચિત્રામણ
ગાથા=પ્રાકૃત ભાષાની કવીતા
ત્ર્યંબક=મહાદેવ
ધનુષ્ય=કામઠું
ચોંકે=ચમકે, બીએ
જનક બાપ=સીતાજીનો તાત
મિથ્યા=ફોગટ
પણ=વચન
ભાવે=હોંસથી

શતાનીક=જનકનો ગોર
સાંસઇ=સાંસે, વીમાસણમાં
શુર=શુરાઓ
આફણીએ=આપોઆપ પોતાની મેળે
ભુર=મોટા ઇંદ્ર જેવા
ઉપજ્યો હોય=પેદા થયો હોય
જનકસુતા=સીતાજી
શિશ=માથું
ઉકાંટો=કોટો, ગર્વ, આવેશ
અતળીબળી=બહુ જોરાવર
શ્યામળવાન=કાળા શરીરવાળા રામચંદ્ર
ઉધડકી=બોલી
આપોપે=આપોઆપ
જુગ્મ=બે
પાણ=પાણીહાથ
કોશિક=વિશ્વામિત્ર
મધુરીવાણ=મીઠાં વચન
આગ્યા=રજા

સુર્યવંશી=સુર્ય ઉપરથી નીકળેલા કુળમાં પેદા થએલા
સુત=દીકરા
આળ=તહોમત
શિવચાપ=શંકરનું ધનુષ્ય
આશીર્વચનો=આશીર્વાદના વેણ
ઉચરે=બોલે
એટલા કાજે=એના નાના કામ માટે
મુજ=હું
અનુજ=નાનો ભાઇ
કહેશે=બીજા બોલશે
બાંધવ=ભાઇ
સૌ કો=બધા
કોદંડ=ધનુષ્ય
રાવણ સરખા=રાવણ જેવા
રંક=રાંક
કોણમાત્ર=શીગણતીમાં
બળવીણ=બળ વગર
જામાત્રા=જમાઇ

ભાવાર્થ—(સીતાજી સ્વયંવરમાં આવીને બેનપણીઓને કહે છે) હે બેનો તમે સહુ મળીને મને સારો ધણી જે રામ તે પરણાવો, મને મીંઢળ બાંધો ને સારાં ગીત ગાઓ તથા

બીજી જે વિધિ થતી હોય તે વધારે વધારે કરો. બધી સખીઓ અંગુઠીનું દર્પણ દેખાડે છે. તેમાં રામનું રૂપ દેખાય છે. તેને જોઇને મનમાં રાજી થાય છે ને બીજો કોઈ રાજા દેખાતો નથી. (મતલબ કે રામ કરતાં કોઈ ચઢે એવું નથી.) (૨)

સીતાને વરવા માટે દેશ દેશના રાજા આવ્યા છે. ને કહે છે કે સીતાને માટે મોટું રાજ્ય મૂકીને સંન્યાસી બાવા બની જઇશું. (૩)

કોઇ તો તેના નામની જપમાળા જપે છે ને કોઇ તો તેના ચિત્રામણ ચીતરે છે. ને કોઇ તો કવિતા તથા ગાથાઓ ગાય છે. ને કોઇ તો હા હા એમ કહી સીતાના નામની રાડ પાડે છે. (૪)

કોઈ તો સીતાની વાત કાઢે છે, ને કોઈ તો સીતાને કહાવે છે (પરણુશો ! એમ કહાવે છે) ને કોઇ તો સીતાનું રૂપ યાદ કરે છે ને તેના સ્વપ્ના આવે છે. (૫)

મહાદેવના ધનુષ્ય સામું પણ જોવાતું નથી તો કહો કે એને કોણ ચઢાવે ! ને જે સારી હોંસથી સભામાં આવે છે તે ચમકે—બીએ છે. (૬)

જનક રાજા પોતાના મનમાં ફીકર કરે છે કે મેં ફોકટનું પણ લીધું કેમકે હું રામને એમને એમ દીકરી દેત પણ હવે મારું વચન બધે પ્રસિદ્ધ થયું. (તેથી હવે એમને એમ દેવાય નહિ.) (૭)

જનકનો પુરોહિત કહે છે કે કઠણ વચન કહીને સૌને પાછા

વાળો—એમ કઠણ વચન કહેશો તેથી બધા પોતાના મનમાં શરમાઈ એની મેળે પાછા જશે. (૮)

જનકનો પુરોહિત સૌના સાંભળતાં કહે છે કે હે મોટા ઈંદ્ર જેવા શૂરાઓ શું વિમાસણમાં રહ્યા છો? શીવનું ધનુષ્ય ચડાવી સીતાને પરણો નહીં તો નાસી જાઓ. (૯)

જો કોઈ ક્ષત્રીના બીજથી પેદા થયો હોય તો વચન પાળીને પરણો તમે તમારા પરાક્રમો ટાળી દીધા તો હવે સીતાજીને ક્યાંથી જોવા પામો. (૧૦)

બીજા બધા રાજાઓ માથું ઝાલી ઉદાસ થઇને બેઠા. પણ સુંદર કાળા શરીરવાળા રામને બહુજ આવેશ ચડી ગયો. ને એકદમ ધનુષ્ય તોડવા ઉભા થયા. (૧૧)

એકદમ રામ ઉઠ્યા ને બે હાથ જોડી વિશ્વામિત્ર આગળ ઉભા રહી મીઠે વચને બોલ્યા. (૧૨)

હે સ્વામી અમને રજા આપો (ઉપન્યો હોય કો ક્ષત્રી યતી એ વેણ કહીને બોલ્યા) કે એ તો અમને ગાળ લાગી કહેવાય. અમે સૂર્યવંશી દશરથ રાજાના પુત્રો છીએ માટે અમારૂં આળ ઓછું કરીએ. (૧૩)

બીજા ઋષિઓ પણ આશીર્વચનો બોલે છે તેથી વિશ્વામિત્ર પોતે આશ્ચર્ય પામી કહે છે કે જલદી ઉઠો ને શિવનું ધનુષ્ય ચડાવો. (૧૪)

લક્ષ્મણજી કહે છે કે એવાં નાના સુના કામ માટે તમે શા માટે ઉઠો છો હું તમારો નાનો ભાઈ છું તો રજા આપો એટલે એ કામ કરી શકું. (૧૫)

રામ કહે છે કે હે મારા ભાઈ! એ તારૂં કામ નથી (કેમકે તું ચડાવ તો) કહેશે બે ભાઈઓને મળીને શંકરનું ધનુષ્ય ચડાવ્યું. (૧૬)

બધા રાજાઓ હસવા લાગ્યા કે એતો એનાથી થશે ને કઠણ ધનુષ્યને ચઢાવી પ્રેમથી પરણી જાશે. (૧૭)

રાવણ જેવા પણ રાંક બની ગયા છે તો આતો શી ગણતરીમાં? બીજા બધા રાજાઓ બળ વગરના થઇ બેઠા ને એ જમાઇ થશે (મતલબ કે સીતાજીને પરણશે) (૧૮)

પાઠ ૩૫ મો શિશિર અને વસંત.

શિશિર=ટાઢની ઋતુ પોષ ને મહા મહીનો	સમીપે=પાસે	ઘુમી=ફરી
વસંત=ઉનાળાની ઋતુ ફાગણ ને ચૈત્ર	ગોઠડી=વાતચીત	ગુલાલી=ગુલાલ
સુંદર=સારી	રસભરી=રસથી ભરપુર	ધુમધામ=ધામધુમ
સલુણો=રસીક	મંદ=ધીમી	ઠાઠ માઠ
વાણે=પ્રભાતમાં, સવારે	શીત=ટાઢી	કોડ=હોંસે
ધુમર=ધુમસ	લહેર=પવનની લહેર	નર્મદ=નર્મદાશંકર કવિ
ભારી=બહુ	ઉપવન=બગીચા વાડી	માલે=મહાલે
વહ્નિ=અગ્નિ	પત્રાળી=પાંદડા વાળી	લાવોલો
	દીપી=સોભી	રતની=ઋતુની
	કલોલ=આનંદ મજા	બલિહારી=ખુબી

ભાવાર્થ—હે નરનારીઓ! શીયાળાની અને ઉનાળાની ઋતુ સારી અને રસિક છે. તમે સહુ ગાયન કરો. અરે!

સવારમાં મીઠી ટાઢ વાય છે અને ઘણી ધુમસ ઠરી રહે છે અરે ઘણી ધુમસ ઠરી રહે છે તે જુઓ. હે નરનારી. (૧)

અગ્નિ પાસે (તાપવાની સગડીની પાસે) ઘરનાં બધાં કુટુંબીઓ ભેગાં થઇ (તાપવા બેસે છે) ને રસ ભરી સારી વાતો કરે છે. હે નરનારી. (૨)

ધીમેથી વહેતી ને ટાઢા પવનની રસાળી લહેર સુગંધ આપે છે. હા તે પવનની રસાળી લહેર સુગંધ આપે છે. હે નરનારીઓ (૩)

વન અને બગીચા એ સહુ ફુલડેથી ફુલ્યાં છે. ને વેલીઓને નવાં પાંદડાં આવ્યાં. હા ! તે વેલ નવાં પાંદડાથી દીપી રહે છે. હે નરનારીઓ. (૪)

ઘણાં પંખીઓ આનંદ કરતાં ખુશી થઇ તાળી દે છે. (મતલબ કે હસે છે) હા એમ બધે કૂદીને હસે છે. હે નરનારીઓ. (૫)

શહેરમાં અબીલ ગુલાલ તથા હોળીના રંગો (પતંગ) ઉડે છે. હા ! અબીલ ગુલાલ રંગ ઉડે છે. હે નર. (૬)

ઘરમાં ઠાઠમાઠ વિનાની ઉમંગ અને હોંશની સ્વારી આવી છે પણ તે ઉમંગને કોડની સ્વારી શોભે છે. ઉમંગને કોડની સ્વારી આવી છે. એટલે દરેક માણસને નવાં નવાં વસ્ત્રો પહેરવાં તથા મીઠું ભોજન જમવું ગમે છે હે નરનારીઓ. (૭)

નર્મદાશંકર કવિ કહે છે કે હવે વિવાહનો લહાવો લો (મતલબ કે આ ઋતુમાં લગ્ન ગાળો હોય છે) એવી રીતે આ ઋતુની ખુબી છે હાં હાં આ ખુબીદાર ઋતુ કેવી દીપી રહી છે.

સમાપ્ત